માર્ચ ૨૦૧૭

# દાદાવાણી

કિંમત ₹ ૧૦



સિન્સિયારિટીનો અર્થ શું ? ત્યારે કહે, જેને સિન્સિયર રહો, એને માટે ખરાબ શબ્દ નીકળે નહીં અને નીકળે તો પસ્તાવો કરી નાખે. એને માટે ખરાબ વર્તન હોય નહીં.



**મહેસાણા** સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૪ - ૬ ફેબ્રુઆરી ૨૦૧૭



**અમદાવાદ** સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૧૦ - ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૭



**હિંમતનગર** સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૧૮ - ૨૦ ફેબ્રુઆરી ૨૦૧૭

તંત્રી : ડિમ્પલ મહેતા
વર્ષ : ૨૨, અંક : ૭
સળંગ અંક : ૨૫૯
**માર્ચ ૨૦૧૭**

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :**(૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦

**Printed & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.
**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**કુલ ૨૮ પેજ કવર પેજ સાથે**

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૭૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૦૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## સિન્સિયારિટી : ઈનસિન્સિયારિટી

### સંપાદકીય

કોઈ પણ કાર્ય સિદ્ધ કરવા માટે અનિવાર્ય ચીજ કઈ હોઈ શકે ? ચાહે વ્યવસાયિક બાબત હો યા સામાજિક કાર્ય હો ધાર્મિક કાર્ય હો, અથવા તો ભગવાનની પ્રાપ્તિ માટે અને અંતે એકાવતારી થઈ મોક્ષે જવા માટે ફક્ત બે જ ગુણ - સિન્સિયારિટી અને મોરાલિટીની જરૂર છે. દાદાશ્રી કહે છે 'આ કાળમાં આ બે વસ્તુઓ હોય તો બહુ થઈ ગયું ! અરે, એક હોય તોય ઠેઠ મોક્ષે લઈ જાય.'

સિન્સિયારિટી એટલે શું ? પોતાની જાતને સિન્સિયર, પોતે નક્કી કરેલી વસ્તુઓને સિન્સિયર. કોઈ પણ સંજોગોમાં પોતાના ધ્યેયની વિરુદ્ધ ક્યારેય ના ચાલે. દાદાશ્રી કહે છે, 'સિન્સિયર રહેવું હોય તેણે કાચા કાનના થયે પાલવે નહીં.'

સિન્સિયર વ્યક્તિ વિવેકવાળો હોય. મહીંથી મન અવળું બતાડે અને આપણા ધ્યેયને એ અનુકૂળ ના આવતું હોય તો તરત છોડી દેવું. આપણા ધ્યેયને એ અનુકૂળ હોવું જોઈએ અને ધ્યેયને અનુકૂળ આવતું હોય તો મનનું ચલાવી લેવું. નિશ્ચય એનું નામ કે સિન્સિયારિટી હોય.

જે માણસ પારકાને સિન્સિયર રહેતો નથી તે પોતાની જાતને સિન્સિયર રહેતો નથી. મતભેદ પડે કે સિન્સિયારિટી બગડી જાય. કોઈ પણ પરિસ્થિતિમાં કોઈના માટે ખરાબ વિચાર ઉત્પન્ન ન થાય એ સિન્સિયારિટી કહેવાય. સામો ગમે એટલી કલમો તોડે પણ સિન્સિયારિટી જાય નહીં. વર્તનમાં જ નહીં પણ આંખોમાંથી પણ સિન્સિયારિટી જાય નહીં, ત્યાં પ્રેમ ખોળજો. સિન્સિયર હોય એ વઢે તો સામાને જમે-ઉધાર ના થાય અને ગણિતેય ના મંડાય અને પ્રેમ રહે.

સિન્સિયારિટી એટલે હાર્ટિલી. એટલે હૃદયની જે સિન્સિયારિટી કે ઈનસિન્સિયારિટી છે એમાં મન ભળે એના પરથી કહી શકાય કે સવળી ગતિ કે અવળી ગતિ થશે.

ઈનસિન્સિયારિટી એય ગુણ સારો છે. એ જલદી મોક્ષે લઈ જાય. પણ ઈનસિન્સિયર થવું સહેલું નથી. આ તો નથી ઈનસિન્સિયર રહેતા કે નથી સિન્સિયર રહેતા. અર્ધદગ્ધ રહ્યા. દાદાશ્રી કહે છે, સિન્સિયારિટી-મોરાલિટી અડધું થશે તો ચાલશે. આ કાળમાં પચાસ ટકા થાય તોય બહુ થઈ ગયું. સો ટકા થાય તો ભગવાન થઈ જાય.

પ્રસ્તુત સંકલનમાં સિન્સિયારિટી-ઈનસિન્સિયારિટી ઉપર દાદાશ્રીની વાણીમાં અદ્‌ભુત છણાવટ થઈ છે, જે વાચકને આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ સાધવા વિશેષ સમજણ પ્રદાન કરશે.

**જય સચ્ચિદાનંદ.**

# સિન્સિયારિટી : ઈનસિન્સિયારિટી

## તો થાય નૈતિક મૂલ્યોની સ્થાપના

**પ્રશ્નકર્તા :** સમાજમાં નૈતિક મૂલ્યોની સ્થાપના કરવા શું કરવું જોઈએ ?

**દાદાશ્રી :** હા. હવે હું આત્માની તો વાત કરું છું પણ જોડે જોડે સમાજના નૈતિક મૂલ્યોય રાખું છું. સમાજમાં નૈતિક મૂલ્યોની સ્થાપનાય પણ કરું છું. એટલે તમે પહેલા નૈતિક મૂલ્યવાન થઈ જાવ. નૈતિક સ્થાપના તમારામાં પહેલી થઈ જાય તો પછી બીજાનામાં થાય પણ તમારામાં પહેલી નૈતિક સ્થાપના પૂરી થઈ જવી જોઈએ. સંપૂર્ણ પ્રમાણિકતા અને સિન્સિયારિટી અને જોડે મોરાલિટી જોઈએ. બસ, તમે એવા થઈ જાવ કે પછી આ સમાજમાં નૈતિક મૂલ્યોની સ્થાપના કરી શકો, બીજું કશું કરવાનું નથી.

## જરૂર છે માત્ર આ બે ગુણની

**પ્રશ્નકર્તા :** સત્ય પ્રતિ ગતિ કરવા માટે એવો કોઈ સદ્‌ગુણ ખરો કે જે અનિવાર્ય ગુણ ગણાય, ને એ સદ્‌ગુણથી ક્રમશઃ પ્રગતિ થાય ?

**દાદાશ્રી :** સત્ય પ્રતિ ગતિ કરવા માટે સિન્સિયારિટી ને મોરાલિટી, એ બે ગુણ હશે તો એ તમને મોક્ષે લઈ જશે. એ બેને જો કંઈ ઈજા નહીં થવા દો તો મોક્ષે જવાશે.

કઈ વસ્તુ સારી છે જગતની ? નીતિમાનપણું. હા, એટલે મોરલ અને સિન્સિયર ! આ બે ગુણો રહ્યા ને, તો કોઈ સત્યની જરૂર નથી.

**પ્રશ્નકર્તા :** પણ આ કાળમાં એ 'પોસિબલ' ખરું ?

**દાદાશ્રી :** પોસિબલ ના હોય, પણ તમારા મનમાંથી શ્રદ્ધા તો ના જ ઊઠવી જોઈએ ને ! શ્રદ્ધા તો આ જ જોઈએ ને, કે 'આ જ હોવું જોઈએ.' આ નથી થતું, ઈટ ઈઝ ડિફરન્ટ મેટર (એ જુદી વસ્તુ છે). પણ તમારી શ્રદ્ધામાં તો આ હોવું જ જોઈએ કે 'આમ જ હોવું જોઈએ.' વર્તનમાં ભલે ના હોય પણ શ્રદ્ધામાં તો હોવું જ જોઈએ. જો પછી વર્તનના આધારે શ્રદ્ધા ઉડાડી મેલો તો થઈ રહ્યું, તમે ખલાસ થઈ ગયા, સ્લિપ થઈ ગયા. બાકી શ્રદ્ધા તો મજબૂત કરવી જોઈએ કે 'મોરલ અને સિન્સિયર જોઈએ જ, 'એટ એની ટાઈમ !' શાસ્ત્રનો બીજો કોઈ શબ્દ નહીં હોય તો ચાલશે, પણ મોરલ ને સિન્સિયર એ બે જોઈશે મોક્ષે જતા. બાકી શાસ્ત્રમાં તો પાર વગરના શબ્દો છે.

## એ તો ઠેઠ મોક્ષે લઈ જાય

આ સિન્સિયારિટી અને મોરાલિટીનો અર્થ એટલો બધો થાય છે કે ઠેઠ મોક્ષે લઈ જાય એટલે સુધી થાય છે. માનવધર્મમાં જેટલી સિન્સિયારિટી ને મોરાલિટી હોય એટલી (પોતે) માનવધર્મમાં લાવી શકે. એથી આગળ સિન્સિયારિટી ને મોરાલિટી ઠેઠ મોક્ષે લઈ જાય ત્યાં સુધી છે.

'સિન્સિયારિટી' ને 'મોરાલિટી', એ ભગવાનની પાસે જવાનો મેઈન રોડ (મુખ્ય રસ્તો) છે, બીજા બધા જ 'બાય વે' છે.

સિન્સિયારિટી એકલાથી જ મોક્ષે જાય; મોરાલિટી એકલાથી જ મોક્ષે જાય. હરેક, એક-એક ગુણથી મોક્ષે જાય એવું છે. પણ તે એટલું કેળવતા આવડવું જોઈએ ને ? એ ગુણનેય કેળવતા આવડવું જોઈએ ને ? એ ગુણ શું છે એની વ્યાખ્યા જાણવી પડે ને ?

**પ્રશ્નકર્તા :** સિન્સિયારિટી ગુણ કેવો છે ?

**દાદાશ્રી :** સિન્સિયારિટી એટલે મૂળ આત્માની નજીકની બાઉન્ડ્રીમાંનો જ ગુણ છે એ. તે સિન્સિયર એટલે પોતાનેય રહે ને પારકાનેય

રહે. એવું નહીં કે આ માલ પરભાર્યો છે. આ મારો સાહેબ છે એટલે સિન્સિયર રહું છું અને આની જોડે ના રહું, એવું નહીં. સિન્સિયર સ્વભાવગત હોય.

## સમજો આટલો ટૂંકો અર્થ

**પ્રશ્નકર્તા :** 'સિન્સિયારિટી' અને 'મોરાલિટી'નો 'એક્ઝેક્ટ' અર્થ સમજાવો.

**દાદાશ્રી :** સિન્સિયારિટી એટલે શું ? ઈનસિન્સિયર જગ્યામાં સિન્સિયર રહેવું. વાતાવરણ આજુબાજુનું ઈનસિન્સિયર હોય તોય પણ સિન્સિયર રહેવું, એ સિન્સિયર કહેવાય. સિન્સિયર અને મોરલ રહે, તો મોક્ષ છે.

'મોરાલિટી'નો અર્થ શું ? પોતાના હક્કનું અને સહજ મળી આવે તે બધું જ ભોગવવાની છૂટ. આ છેલ્લામાં છેલ્લો 'મોરાલિટી'નો અર્થ છે. 'મોરાલિટી' તો બહુ ગૂઢ છે, એના તો શાસ્ત્રોના શાસ્ત્રો લખાય. પણ આ છેલ્લા અર્થ પરથી તમે સમજી જાઓ.

તમને દિવ્યચક્ષુ આપેલા છે એટલે છેલ્લી બાઉન્ડ્રીનો અર્થ તમે સમજી શકો, કે શું હોવું ઘટે ?

'સિન્સિયારિટી' તો જે માણસ પારકાને 'સિન્સિયર' રહેતો નથી, તે પોતાની જાતને 'સિન્સિયર' રહેતો નથી. કોઈને સહેજ પણ 'ઈનસિન્સિયર' ના થવું જોઈએ, એનાથી પોતાની 'સિન્સિયારિટી' તૂટે છે.

સિન્સિયારિટી તો પોતે પોતાની જાતને સિન્સિયર ન રહ્યા, કો'કને સિન્સિયર ન રહ્યા, એ પોતાની જાત ઉપર સિન્સિયારિટી રહેતી નથી. અને ઈનસિન્સિયર થયા કો'કને, એ જ પોતાની જાતને ઈનસિન્સિયર થયો. આટલો ટૂંકો જ અર્થ સમજવાનો છે.

'સિન્સિયારિટી' અને 'મોરાલિટી' આ બે વસ્તુઓ આ કાળમાં હોય તો બહુ થઈ ગયું. અરે, એક હોય તોય તે ઠેઠ મોક્ષે લઈ જાય ! પણ તેને પકડી લેવું જોઈએ, અને જ્યારે જ્યારે અડચણ પડે ત્યારે 'જ્ઞાની પુરુષ' પાસે આવીને ખુલાસા કરી જવા જોઈએ કે આ 'મોરાલિટી' છે કે આ 'મોરાલિટી' નથી.

## સિન્સિયારિટીની સરળ સમજ

**પ્રશ્નકર્તા :** આ સિન્સિયારિટી અને મોરાલિટી એના વિશે જરા વધારે સ્પષ્ટતા આપો.

**દાદાશ્રી :** અહીં જાનવરો ફરતા હોય, મોર કે બીજા જાનવરો ફરતા હોય, અને આપણે ત્યાં જઈએ તો એ ઊડે નહીં, એવું સિન્સિયરલી રહીએ એની જોડે ત્યારે સિન્સિયર કહેવાય. એના મનમાં એમ લાગે કે આ મને દુઃખ નહીં આપે. એવું દરેક જીવને આપણા તરફ રહે ત્યારે સિન્સિયર રહેલા કહેવાય.

**પ્રશ્નકર્તા :** એ બરોબર છે પણ સિન્સિયારિટી એટલે આમ જરા વિગતથી સમજવું છે.

**દાદાશ્રી :** પોતે પોતાની જાતને સિન્સિયર રહે એ બધાને સિન્સિયર રહી શકે.

## સિન્સિયર, ન ચૂકે ધ્યેય ક્યારેય

**પ્રશ્નકર્તા :** પોતાની જાતને સિન્સિયર રહેવું એટલે શું ?

**દાદાશ્રી :** પોતાના ધ્યેયની વિરુદ્ધ ક્યારે પણ ના ચાલે, કોઈ પણ સંજોગોમાં. લાભકારી હોય ત્યાં ધ્યેય બદલી નાખીને કરે અગર તો નુકસાન હોય ત્યારે ધ્યેય બદલી નાખીને કરે, એવું ના હોવું જોઈએ. નક્કી કરેલો ધ્યેય ન ચૂકે એ પોતાની જાતને સિન્સિયર ! પોતાની જાતને સિન્સિયર રહેવું એટલે પોતાની જાતને સંપૂર્ણ સિન્સિયર, પોતાની જે ભાવનાઓ છે તે ભાવના પ્રમાણે સિન્સિયર રહેવું.

## તોય ચૂકાય સિન્સિયારિટી

**પ્રશ્નકર્તા :** હવે આ ધ્યેયની વાત કરી, તો સામાન્ય માણસને રિલેટિવમાં તો અનેક ધ્યેય થતા હોય અને ધ્યેય બદલાતા પણ જતા હોય. એટલે આ ધ્યેય આપ જે કહો છો, એ ખાસ કયા ધ્યેય પરત્વે વાત કરો છો ?

**દાદાશ્રી :** પોતાની જાતને સિન્સિયર રહેવું. પોતે નક્કી કરેલી વસ્તુઓને સિન્સિયર રહેવું જોઈએ, કે 'મારા મા-બાપની સેવા કરવી છે.' પછી એમાં બીજું નહીં. પણ તોય પછી એમાં વાંધો શું આવે ? કે પૈણીને પછી પેલા 'ગુરુ' (પત્ની) આવે છે ને, તે પછી 'ગુરુ' કહે, 'આ બાનો સ્વભાવ બહુ વિચિત્ર છે.' તો પણ પેલો ના માને. પાછો બાનો ભક્ત ખરો ને, સિન્સિયર ખરો ને ! એટલે ના માને. 'મારી બા એવી છે નહીં, તારે એવું બોલવું નહીં' કહે. એટલે પેલી જાણે કે હમણે ટાઈટ છે. એટલે જરા ધીમે રહીને પછી એ કળા કરે, ને પછી જરા ધીમે ધીમે પણ મનમાં ઘૂસાડી દે. એટલે પછી એ પોતે જ કહે કે 'બાનો સ્વભાવ પક્ષપાતી છે.' જો સિન્સિયરપણું ત્યાં ચૂકી ગયો ને ! સિન્સિયર રહેવું હોય તેણે કાચા કાનનું થયે પાલવે નહીં.

અમે કાચા કાન કર્યા નથી કોઈ દિવસ. તમે કહી ગયા હોય, પણ અમે સાચું માનીએ નહીં. પેલાનું જોઈ લઈએ, તપાસ કરીએ. પણ એક તરફી માની લેવું એ અમારો નિયમ નથી. હીરાબા મને કહે, 'બાએ આમ કર્યું હતું' એવું માની લેવાનું નહીં. અને ન્યાય હોય, વખતે ઝવેર બાએ હીરાબાને દુઃખ દીધું હોય તોય અમે સિન્સિયર રહેલા. એટલે અમે સિન્સિયર જ રહેવાના.

## સર્વાંગી અભિમુખતા ધ્યેય પ્રત્યે જ

**પ્રશ્નકર્તા :** એટલે એવું થયું કે પોતે એક જ ધ્યેય નક્કી કર્યો, પોતાને જે સાચું લાગ્યું ને જે ધ્યેય નક્કી કર્યો, એ ધ્યેયને જ વળગી રહેવું જોઈએ ?

**દાદાશ્રી :** એ ધ્યેય પાછો કેવો હોવો જોઈએ ? સો માણસ 'એક્સેપ્ટ' (સ્વીકાર) કરે એવો હોવો જોઈએ. મા-બાપની સેવા કરવામાં ઘણાખરા માણસો હા પાડે કે ના પાડે ?

**પ્રશ્નકર્તા :** બધા હા પાડે.

**દાદાશ્રી :** એવા ધ્યેય હોવા જોઈએ. આપણે તો ધ્યેય નક્કી કર્યો કે 'વહુને રોજ મારવી', એ તો કંઈ ધ્યેય છે ?

**પ્રશ્નકર્તા :** કોઈ એવો ધ્યેય લઈને બેઠો કે મા-બાપની સેવા નહીં જ કરવી.

**દાદાશ્રી :** એ ધ્યેયને વળગી રહે ને, તોય સારું. પણ એવો ધ્યેય કર્યા પછી જો સેવા કરે તો ગુનો છે. કોઈ પણ ધ્યેયને વળગી રહો ને, તો સારું છે. પણ અદબદ ખીચડો કરી નાખો, એ પાછું દૂધપાકમાં મીઠું નાખીને કઢી બનાવી દો તો વિષ થઈ જાય ને !

## સિન્સિયરનું વર્તન હોય વિવેકપૂર્ણ

**પ્રશ્નકર્તા :** એટલે અંતઃકરણમાંથી જે અવાજ આવે એમ આ બધા કહે છે, તે અંદર એમને પોતાને લાગે કે આ બરાબર છે ને એ પ્રમાણે વર્તે, તો એ સિન્સિયર કહેવાય ?

**દાદાશ્રી :** ના, અંતઃકરણમાં તો ગમે તે હોય. અંતઃકરણમાંથી એવો વિચાર આવે કે 'કાલથી આપણે જુદા રહેવું છે.' હવે મા-બાપ બિચારાને ઘૈડપણ આવ્યું હોય ને અંતઃકરણમાંથી જુદા રહેવાનો વિચાર આવે, તો આપણે જુદું રહેવા જવું ? ના, ત્યાં વિવેક છે. સિન્સિયર વિવેકવાળો હોય. હા, બિચારા ઘૈડા માણસ શું ખાય પછી ? મહીં અંદરનો અવાજ, એ વસ્તુ જ નથી સાંભળવાની.

આ લોકો કહે છે ને, 'મારા આત્માનો અવાજ આવ્યો.' અલ્યા, આત્માનો અવાજ હોતો હશે ? એની પર વિવેક રાખ. એ વાંધો નહીં. તારા ધ્યેયને જો અનુકૂળ હોય તો તું એ પ્રમાણે ચાલ; અનુકૂળ ના હોય તો બીજી રીતે ચાલ.

**પ્રશ્નકર્તા :** ઘણી વખત એવું પણ બને કે પોતાને અનુકૂળ હોય એને જ માની લે કે હા, બરાબર છે ને એ ખોટું હોય છતાંય યોગ્ય માની લે.

**દાદાશ્રી :** યોગ્ય લાગે તેનો અર્થ એવો નહીં, પણ સદ્‌વિવેકપૂર્વક એટલે શું ? કે મહીંથી મન તો બતાવે, મહીં અંદરનો અવાજ તો બતાવે કે 'આમ કરો.' પણ આપણા ધ્યેયને એ અનુકૂળ ના આવતું હોય તો છોડી દેવાનું. આપણા ધ્યેયને એ અનુકૂળ હોવું જોઈએ. ધ્યેયને અનુકૂળ આવતું હોય તો એ અંદરનો અવાજ માનવો.

## સિન્સિયરને કુદરત સદાય મદદે

**પ્રશ્નકર્તા :** શુભ રસ્તે જવાના વિચારો આવે છે પણ તે ટકતા નથી ને પાછા અશુભ વિચારો આવે છે, તે શું છે ?

**દાદાશ્રી :** વિચાર શું છે ? આગળ જવું હોય તોય વિચાર કામ કરે છે ને પાછળ જવું હોય તોય વિચાર કામ કરે છે. ખુદા તરફ જવાના રસ્તાએ આગળ જાઓ છો ને પાછા વળો છો, એના જેવું થાય છે. એક માઈલ આગળ જાઓ ને એક માઈલ પાછળ જાઓ, એક માઈલ આગળ જાઓ ને પાછા વળો....! વિચાર એક જ જાતના રાખવા સારા. પાછળ જવું એટલે પાછળ જવું ને આગળ જવું એટલે આગળ જવું. આગળ જવું હોય તેનેય કુદરત 'હેલ્પ' કરે છે ને પાછળ જવું હોય તેનેય કુદરત 'હેલ્પ' કરે છે. 'નેચર' શું કહે છે ? 'આઈ વિલ હેલ્પ યુ.' (હું તને મદદ કરીશ.) તારે જે કામ કરવું હોય, ચોરી કરવી હોય તો 'આઈ વિલ હેલ્પ યુ.' કુદરતની તો બહુ મોટી 'હેલ્પ' (મદદ) છે. કુદરતની 'હેલ્પ'થી તો આ બધું ચાલે છે ! પણ તું નક્કી નથી કરતો કે મારે શું કરવું છે ? જો તું નક્કી કરે તો કુદરત તને 'હેલ્પ' આપવા તૈયાર જ છે. 'ફર્સ્ટ ડિસાઈડ' (પહેલા નક્કી કરો) કે મારે આટલું કરવું છે, પછી તે નિશ્ચયપૂર્વક સવારના પહોરમાં યાદ કરવું જોઈએ. તમારા નિશ્ચયને તમારે 'સિન્સિયર' રહેવું જોઈએ, તો કુદરત તમારી તરફેણમાં 'હેલ્પ' કરશે. એટલે વાતને સમજો.

## એનો ઉપાય સિન્સિયારિટી

**પ્રશ્નકર્તા :** એક વ્યક્તિએ કોઈ ચોક્કસ ધ્યેય સિદ્ધ કરવો છે પરંતુ એ જાણે છે કે તેની ક્ષમતામાં નથી, તો એ વ્યક્તિએ શું કરવું જોઈએ ?

**દાદાશ્રી :** ફરી ફરી પ્રયત્ન કરવા જોઈએ.

**પ્રશ્નકર્તા :** એટલે ઘણીવાર પ્રયત્નો કર-કર કરે છતાંય એક સ્ટેજ ઉપર પહોંચે ને, ત્યાંથી પાછું પડાય, તો શું કરવું ?

**દાદાશ્રી :** સિન્સિયર પ્રયત્નો જોઈએ. પોતાની ખાત્રી ના ડગે તો તેના બધા જ કામ થાય.

સિન્સિયારિટી ટુ મોરાલિટી, 'બી સિન્સિયર એન્ડ બી મોરલ' એ જ બધાનો ઉપાય છે.

**પ્રશ્નકર્તા :** નિશ્ચયની સાથે સિન્સિયારિટી પણ જોઈએ ને ?

**દાદાશ્રી :** સિન્સિયારિટી હોય જ. નિશ્ચય હોય તો સિન્સિયારિટી હોય. નિશ્ચય એનું નામ કહેવાય કે સિન્સિયારિટી હોય, તો જ નિશ્ચય કહેવાય. નિશ્ચય છતાં ના થાય એ સિન્સિયારિટી થઈ નથી. શું શું વસ્તુ છે એ અમે જાણીએ. નિશ્ચય સિદ્ધ થાય તો સિન્સિયારિટી હોય એવું બધું છે. નિશ્ચય હોય ત્યાં ઈનસિન્સિયર હોય એવું બનતું હશે ?

## સ્ટ્રોંગ નિશ્ચયે થાય ફળીભૂત

**પ્રશ્નકર્તા :** સંકલ્પ નથી રહેતો, એટલે કે મન પોતે જે કંઈ નિશ્ચય કરે, એને વળગી નથી રહી શકાતું.

**દાદાશ્રી :** નિશ્ચય મન કરતું જ નથી. એ તો પેમ્ફલેટો મૂક મૂક કર્યા કરે. નિશ્ચય તો બુદ્ધિ કર્યા કરે. એટલે બુદ્ધિની જરાક કચાશ છે. મન તો પેમ્ફલેટો ફેરવે કે અહીંથી આમ ચાલીને જઈશું, ટેક્સી કરી લઈશું, બધું બોલે, જેટલું હોય એટલું. પણ બુદ્ધિનો નિશ્ચય જોઈએ. એટલે નિશ્ચય થતો નથી ? ડિસિઝન જલદી લેવાતું નથી ?

**પ્રશ્નકર્તા :** નહીં.

**દાદાશ્રી :** એ બુદ્ધિનો દોષ છે, મનનો વાંધો નથી. જલદી ડિસિઝન લેવાનું હોય તો જલદી લેવાય નહીં. તને આપણે અહીં જ્ઞાન આપીશું ને, તેનાથી બુદ્ધિ શક્તિ વધી જશે. પછી ડિસિઝન લેવાશે. બીજી કઈ મુશ્કેલી છે ?

**પ્રશ્નકર્તા :** મારો પ્રશ્ન એવો છે કે આપણા બધા વિચારોમાંથી કોઈ એક વિચાર આપણે ફળીભૂત કરવો હોય તો આપણે શું કરવું ?

**દાદાશ્રી :** કયો વિચાર ફળીભૂત કરવો છે ?

**પ્રશ્નકર્તા :** ઔદ્યોગિક બાબતમાં.

**દાદાશ્રી :** હા, એ તો આપણે નક્કી કરવું. જે વિચાર આપણને આવતો હોય, તે નિશ્ચય કરવો કે 'આ જ કરવું છે હવે.' એટલે તરત ફળીભૂત થાય. તમે એ વિચાર ઉપર નિશ્ચય કરો. હા, સ્ટ્રોંગ નિશ્ચય. એક સ્ટ્રોંગ ડિસિઝન લઈ લો કે મારે આજ કરવું છે, બીજું નહીં હવે. તો એ સીધું થઈ જાય, એને લાઈન મળી જાય.

જેને જે કામના હોય ને, તે મળી આવે. તમારું પણ દૃઢ હોય, સિન્સિયારિટી હોય, મોરાલિટી હોય, તો દરેક ચીજ મળી આવે. સિન્સિયારિટી-મોરાલિટીની પાછળ બધી જ ચીજ આવે છે. કોઈ ચીજ કમી ના હોય.

આ અનંત કાળનું અજ્ઞાન, તે થોડો વધુ વખત જાય તો કેવી દશા થાય ત્યારે ? અને તમે મને સિન્સિયર થાવ તો એક કલાકમાં મારા જેવા થઈ જાવ. પણ એવી સિન્સિયારિટી હોય નહીં ને આ કાળમાં ! ક્યાંથી લાવે સિન્સિયારિટી ? કેટલી જાતના ધંધા, કેટલા લફરાં, કેટલી ફાઈલો !

## વળગી રહેવું આપણા સિદ્ધાંતને

**પ્રશ્નકર્તા :** કોઈ માણસ ઘણો સિન્સિયર હોય, પણ સામા માણસને એની સિન્સિયારિટીની જાણ ના રહેતી હોય, તો તેવી પરિસ્થિતિમાં શું કરવું ?

**દાદાશ્રી :** ના જાણ રહેતી હોય તો એને નુકસાન. આપણે સિન્સિયર રહ્યા તે આપણને ફાયદો. તું તારી સિન્સિયારિટી છોડીશ નહીં. એ તને કહે કે તું અનસિન્સિયર છું, તોય તું તારી સિન્સિયારિટી તોડીશ નહીં. એ તો એમ ગમે તે કહે. આપણે સિન્સિયર થયેલા એ મોટામાં મોટું. ઠેઠ સુધી આપણને એ બિનજોખમી પહોંચાડી દે એવી વસ્તુ છે. જોખમ નહીં આવે પછી.

માણસ સિન્સિયર રહેતો હોય અને બે-ત્રણ દહાડા મતભેદ પડે કે પેલાની સિન્સિયારિટી બગડી જાય તરત, એવું ના હોવું જોઈએ. મતભેદ પડે, મારામાર થાય તોયે સિન્સિયારિટી બગડવી ના જોઈએ. સામા માણસે ભૂલ કરી, એને નબળાઈ ઊભી થઈ, તેથી આપણે આપણો સિદ્ધાંત તોડી નાખવો ?

## સિન્સિયારિટી એ મોટામાં મોટી કમાણી

આ તો બધાને ઈનસિન્સિયર જોઈને પોતે ઈનસિન્સિયર થયા કરેલો. એ લોકસંજ્ઞા છે ને !

સામો માણસ ઈનસિન્સિયર થાય તોય પણ પોતાનું સિન્સિયરપણું ન જાય તો એ સિન્સિયારિટી કહેવાય. સામો ઈનસિન્સિયર થાય એ એની નબળાઈ છે, પણ તેની પર વેર રાખવાનું કારણ નથી. વેર રાખીને ઈનસિન્સિયર થવાનું કોઈ કારણ નથી. કારણ કે સિન્સિયર થયો એ તો બહુ મોટામાં મોટી કમાણી કહેવાય. એ કમાણી કોણ ખોઈ નાખે ? આવી મોટી કમાણી કોણ બગાડે ? સામો તો ઈનસિન્સિયર થાય પણ આપણે સિન્સિયર છીએ, તે આપણે આપણી જાતનું શું કરવા બગાડીએ ?

**પ્રશ્નકર્તા :** એટલે જે બીજાને સિન્સિયર રહે છે, એ પોતાની જાતને સિન્સિયર રહે છે એવું કહી શકાય ને ?

**દાદાશ્રી :** હા, એ તો બીજાને સિન્સિયર રહે એટલે પોતાની જાતને સિન્સિયર રહે જ. બીજાને સિન્સિયર નથી એ પોતાની જાતને સિન્સિયર નથી. અમારો મુદ્રાલેખ; સિન્સિયારિટી અને મોરાલિટી. મોરાલિટીમાં કોઈ ફેર નહીં, 'નો ડિફરન્સ !' હરેક બાબતમાં સિન્સિયારિટી. જેને જેને મળ્યાને, તે બધાને સિન્સિયર. ગમે તેને મળ્યા, અને દુકાને માલ લેવા ગયા ત્યાંય એને સિન્સિયર. ગમે ત્યાં, 'એની વેર' !

## ઈનસિન્સિયર સામેય સિન્સિયર

આ દુનિયા આખી આવડી મોટી છે ને, એમાં પચ્ચીસ જ માણસને જો સિન્સિયર તમે રહો તો એના જેવું પુણ્ય એકુંય નથી.

**પ્રશ્નકર્તા :** કેવી રીતે સિન્સિયર રહે ?

**દાદાશ્રી :** તમારે એકાદ મિત્ર છે કોઈ ?

**પ્રશ્નકર્તા :** ઘણા છે.

**દાદાશ્રી :** એની જોડે, કોઈની જોડે સિન્સિયર રહો છો ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા.

**દાદાશ્રી :** સિન્સિયર કોને કહેવાય ?

**પ્રશ્નકર્તા :** આપણી પોતાની સાથે વર્તીએ, એવી જ રીતે એની સાથે વર્તે એ સિન્સિયર કહેવાય.

**દાદાશ્રી :** હા, એ સિન્સિયર કહેવાય. હવે એ તમારું અવળું બોલે કોઈ જગ્યાએ, તો તમારા સાંભળવામાં આવે તો શું થાય તમને ?

**પ્રશ્નકર્તા :** કાને સાંભળ્યા વગર માને નહીં.

**દાદાશ્રી :** હા, પણ તમારા જ પોતાના જ માણસે કહ્યું તો ?

**પ્રશ્નકર્તા :** એ બરાબર, સાવ સામે સાંભળે નહીં ત્યાં સુધી માને નહીં, કોઈ વિક્ષેપ નાખતુંય હોય.

**દાદાશ્રી :** હા, એ બરાબર. હવે તમને જાતે અવળું બોલ્યો તો ?

**પ્રશ્નકર્તા :** કોઈવાર એ ગુસ્સામાં હોય તો એવી વર્ષોની ભાઈબંધી એક એ થોડીવારમાં તોડી ના નખાય.

**દાદાશ્રી :** એટલે તમે શાંતિ રાખો ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** અને એને માટે ખરાબ વિચાર આવે નહીં ને ?

**પ્રશ્નકર્તા :** ના આવે.

**દાદાશ્રી :** તો એ સિન્સિયારિટી કહેવાય. કોઈ પણ પરિસ્થિતિમાં એના તરફ ખરાબ વિચાર ઉત્પન્ન ન થાય તો એ સિન્સિયારિટી. એ ભલે ઈનસિન્સિયર થાય તોય તમે સિન્સિયારિટી ન છોડો તો એ સિન્સિયારિટી કહેવાય. એવું પચ્ચીસ માણસમાં જો રહો તમે, તો ઘણું થઈ

ગયું. બહુ મોટામાં મોટું, રાજાનું રાજ મળે એવું પુણ્ય કહેવાય ! એ તપ જેવું તેવું નથી. સામા માટે ખરાબ વિચાર આવે તો તેને કાઢી નાખવો જોઈએ. તો જ એની સિન્સિયારિટી રહે ને એય સિન્સિયરલી રહે.

સિન્સિયારિટીનો અર્થ શું ? ત્યારે કહે, જેને સિન્સિયર રહ્યો, તેને માટે મનમાં ખરાબ વિચાર આવે નહીં અને આવે તો પસ્તાવો કરી નાખે. એને માટે ખરાબ શબ્દ નીકળે નહીં અને નીકળે તો પસ્તાવો કરી નાખે. એને માટે ખરાબ વર્તન હોય નહીં. સિન્સિયારિટી એનું નામ કહેવાય કે મન-વચન-કાયાના યોગોનું વર્તન એને સિન્સિયર જ હોય.

## ના તોડશો તમારી સિન્સિયારિટી

**પ્રશ્નકર્તા :** સામો ચોર હોય તો ?

**દાદાશ્રી :** સામો ગમે તે હોય, સામા જોડે અથડામણમાં આવે પણ અથડામણમાં પોતાનો ભાવ ના છોડી નાખે. પોતાની જાતનો વિશ્વાસ, સંપૂર્ણ વિશ્વાસ! બીજું કંઈ કરવાની ભાવના જ નહીં, જે થશે તે એક્સેપ્ટ ! નહીં તો ડગી જાય. નહીં તોય શું થઈ જવાનું છે આ દુનિયામાં ? બહુ થઈ થઈને પછી છે તે પેલા સૂતા સૂતા નનામીમાં લઈ જાય છે એ જ ને ? એ તો બહુ મોટું ઈનામ ! આરામ કરતા કરતા લઈ જાય એ જ ને ! એ બીજા શા ઈનામ આપી જાય તે ?

**પ્રશ્નકર્તા :** આ દુનિયામાં જો એવું કરે તો તો લોક ફફોળી ખાય આપણને.

**દાદાશ્રી :** કોઈને ફફોળી ખાવાની શક્તિ જ નથી ને! ફફોળી ખાવાની શક્તિ તો આ કૂતરા, વાઘ એ બધાને છે. પણ એને તો આ લોકોએ બાંધી દીધા છે. બાકી આ બિચારામાં તો શક્તિ જ ક્યાં છે ? ફફોળી ખાવાની શક્તિ કોઈનેય હોય જ ક્યાંથી ? કારણ કે કુદરતના ન્યાયની બહાર કોઈ ચીજ નથી અને કુદરતમાં અન્યાય કરવાની કોઈનામાં શક્તિ નથી. અન્યાય કરવાની કોઈની શક્તિ નથી ને ન્યાયની બહાર કુદરત રહી નથી.

સિન્સિયર હોય તો સુખી તો હોય ને કે એ ના હોય ? આ દુઃખ ઈનસિન્સિયારિટીનું છે. કોઈને પણ સિન્સિયર રહેશો નહીં, ત્યાં સુધી દુઃખ જ આવશે. કોઈને, એક જણનેય સિન્સિયર થઈ જાવ.

## સિન્સિયારિટી એ તરવાની ચાવી

**પ્રશ્નકર્તા :** આપનું એક એવું વાક્ય છે કે તમે ગુપ્ત રીતે કર્યા કરતા હશો અને કોઈનેય જાણ નહીં થાય, કોઈનેય ખબર નહીં પડી હોય તોય જગતને એનો પડઘો પડ્યા વગર રહે નહીં, એવો કાયદો છે સિન્સિયારિટીનો.

**દાદાશ્રી :** હા, એવો નિયમ છે.

**પ્રશ્નકર્તા :** એને પોતાને ગાવાની જરૂર નથી કે હું આવો છું ને તેવો છું.

**દાદાશ્રી :** કશુંય કહેવાની જરૂર ના હોય, ઉઘાડું જ થઈ જાય. ચોરીઓ કરે તે ઉઘાડી થાય છે તો પછી આ તો... ! બહુ ખાનગી રાખેલી ચીજો ઉઘાડી થઈ હોત તો મોભારે ચઢીને બોલે.

દરેક બાબતમાં સિન્સિયર રહીએ એ મોક્ષે જવાની નિશાની ! કોઈ ના જાણતું હોય છતાં તું દુનિયાને માટે સારું કરતો હોય તોય લોક જાણી જાય એ દુનિયાનો એક નિયમ છે, મોટામાં મોટો.

**પ્રશ્નકર્તા :** મને એવું હતું કે પોલ મારી દેવાની, એટલે ચાલે બધું આમ.

**દાદાશ્રી :** તેને લીધે જ બધું બફાઈ ગયું ને !

સત્ય હંમેશાંય ઊગે, નહીં તો બીજું તો ઊગેલું ઝાડ હશે તોય સૂકાઈ જશે.

સામો દગો કરે તોય તારે સિન્સિયર રહેવું એ તરવાની ચાવી !

## લખે સિન્સિયરલી, રહે ઈનસિન્સિયરલી

આ બધા લખે છે, યોર સિન્સિયરલી. કોઈ સિન્સિયર હોતો નથી. બસ લખવાનું, તે તમારો વફાદાર છું. 'યોર સિન્સિયરલી' કહે.

સિન્સિયરલી શબ્દ વધારે વપરાયો હોય તો આ કાળમાં વધારે વપરાયો. કારણ કે હરેક લોકો 'યોર્સ સિન્સિયરલી' લખે છે ને ?

**પ્રશ્નકર્તા :** એ કાગળમાં લખે એટલા પૂરતું જ, એ બાબતમાં જ.

**દાદાશ્રી :** ના, એટલા પૂરતુંય નહીં. એમ કેમ ? સિન્સિયર શબ્દનો કંઈ જુદો જુદો અર્થ છે ? કાગળ લખે છે ત્યારે 'યોર્સ સિન્સિયરલી' લખે છે, ખરું ને ?

**પ્રશ્નકર્તા :** ત્યાં તો લખવા ખાતર લખવાનું હોય છે.

**દાદાશ્રી :** રૂટીન થઈ ગયું છે એવું.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તો આપણે શું એ માણસને ઈનસિન્સિયર સમજવો ? આ તમે સ્કૂલમાં લખો છો 'યોર્સ સિન્સિયરલી', એ ના ચાલે. એ તો રૂટીનમાં સિન્સિયર લખો, એવું ના ચાલે. અરે, સરકારેય 'સિન્સિયરલી' લખે. સરકારના દરેક કાગળમાં 'સિન્સિયરલી' લખે. પણ સિન્સિયારિટીનું સાચું હોવું જોઈએ ને ? મોઢે બોલીએ 'સિન્સિયરલી' પણ રહીએ ઈનસિન્સિયરલી, એ કેમ ચાલે તે ?

**પ્રશ્નકર્તા :** પાછા કંપની વતી લખે.

**દાદાશ્રી :** હા, કંપની વતી 'યોર્સ સિન્સિયરલી' લખે. કામ જ થઈ ગયું ને એ લોકોનું ! એટલે વાતને ક્યાં લઈ ગયા આ લોકો ! એના કરતા 'ઈનસિન્સિયરલી' લખતા હોત ને, તો ખબર પડત કે આપણે સિન્સિયર થવાની જરૂર છે. આ તો સિન્સિયર થઈ જ ગયા છે, એટલે હવે બીજું શું રહ્યું ? જુઓ તો ખરા, કેવી અજાયબી થઈ છે ! તમે સિન્સિયર કોઈને રહ્યા નથી છતાં સિન્સિયરલી લખ્યા કરો છો !

**પ્રશ્નકર્તા :** અને 'યોર્સ સિન્સિયરલી' લખે છે સમજ્યા વગર.

**દાદાશ્રી :** ના, રૂટિન થઈ ગયું એને. એટલે સિન્સિયરલીના અર્થને આ લોકોએ આપઘાત કરી નાખ્યો છે. સિન્સિયારિટીનો આપઘાત કરીને તમે શું કાઢશો ? સિન્સિયારિટીનો આપઘાત ન હોવો જોઈએ. આપણા લોકોએ તો એનો આપઘાત કરવામાં બાકી જ નથી રાખ્યું ને કશુંય ! આપણા લોકો શું કરવા, બીજા બધાય. બધેય આ તો આનું આ જ. પણ ફોરેનવાળાને સમજણ હોય એટલું જ આપઘાત કરે ને ! ફોરેનવાળા એમની સમજણે કરે.

**પ્રશ્નકર્તા :** એ તો પાર્લામેન્ટના મેમ્બરોય અત્યારે સિન્સિયર નથી.

**દાદાશ્રી :** મેમ્બરો એમની વાઈફને સિન્સિયર નથી, તો તમને શી રીતે રહેશે ? વખત વિચિત્ર થઈ ગયો છે અત્યારે. એમાં દોષ કોઈનો નથી. આપણે એવું નથી કહેતા કે આ ખરાબ છે ને આ સારા છે, બધું આ સંજોગના અનુસરીને.

આ સરકારે લખ્યું હોત કે ''ભઈ, 'ઈનસિન્સિયરલી' લખજો એ લોકોને.'' તો એમને

ખબર પડત કે હજુ સિન્સિયર થવાની જરૂર છે. આ તો એમને એમ સિન્સિયર થઈ બેઠા. જેમ પેલા નોકરીમાં સિનિયર થઈ ગયેલા હોય છે ને, એવું આ સિન્સિયર થઈ ગયા !

લોકોએ લૌકિકમાં વાપરવા માંડ્યું એટલે સિન્સિયરનો અર્થ ધૂળધાણી કરી નાખ્યો. મૂળ અર્થ ઊડી ગયો અને આ અર્થ ધૂળધાણી થઈ ગયો. સિન્સિયર એટલે સિન્સિયર !

## સમજવો સાચો અર્થ સિન્સિયારિટીનો

**પ્રશ્નકર્તા :** દાદા, પેલા ૩૫ ગુણો મેળવવાના હોય, એને માટે તમે મૂળ પાયાની જ વાત કરી કે સિન્સિયારિટી ને મોરાલિટી બે હોય તો તું મોક્ષે જતો રહીશ.

**દાદાશ્રી :** હા, એ બે, આ સિન્સિયારિટી ને મોરાલિટી. એ તો તમારે ખ્યાલમાં જ છે કે શબ્દ બોલો છો પણ અર્થ સમજતા નથી. મારી પાસે આવો તો હું તમને અર્થ સમજણ પાડું. આ તો શબ્દ બોલે છે અને કાગળમાં લખે છે દરેક ઓફિસર, યોર સિન્સિયર. સિન્સિયર તું તારી વહુને થયો નથી એક કલાક અને અહીં સિન્સિયર શી રીતે થાય ? આ તો રૂટીન છે. રૂટીનને સિન્સિયર છે. અમે સાચું સિન્સિયર કરવા માંગીએ છીએ આ.

**પ્રશ્નકર્તા :** દાદા, વહુને સિન્સિયર કેવી રીતે રહેવાય ?

**દાદાશ્રી :** વહુએ આપણને કોઈ ફેરો ટૈડકાવ્યા હોય તો પણ એને માટે ખરાબ વિચાર ના આવે તો સિન્સિયર થાય. વિચાર પણ ખરાબ ના આવે. એ તો સ્ત્રીજાતિ છે, એ તો ટૈડકાવીયે જાય, નહીં તો આપણે મોટા શેના ? મોટો માણસ નાના માણસના સાત શબ્દો સાંભળી લે.

**પ્રશ્નકર્તા :** આ તો ઊંધું છે, દાદા. આ તો નાનાએ સાંભળવાનું હોય.

**દાદાશ્રી :** મોટા માણસનું મોટું પેટ હોય કે ના હોય ? શમાવી લે કે ના લે ?

## સિન્સિયારિટી ત્યાં સાચો પ્રેમ

સામાથી કલમો ગમે એટલી ભાંગે, બધા સામસામી જે આપેલા વચન-પ્રોમિસ ગમે એટલા તોડે પણ છતાંય સિન્સિયારિટી જાય નહીં. સિન્સિયારિટી એકલી વર્તનમાં જ નહીં પણ આંખમાંથી પણ ના જવી જોઈએ, ત્યારે જાણવું કે અહીં પ્રેમ છે. માટે એવો પ્રેમ ખોળજો. આ પ્રેમ માનશો નહીં. આ બહાર જે ચાલુ છે, એ બજારું પ્રેમ-આસક્તિ છે. એ વિનાશને લાવશે. છતાંય છૂટકો નથી. તેને માટે હું તમને રસ્તો બતાવીશ. આસક્તિમાં પડ્યા વગરેય છૂટકો જ નથી ને !

## સિન્સિયારિટી એટલે હાર્ટિલી

**પ્રશ્નકર્તા :** જે વ્યવહાર હોય, એ વ્યવહારને પૂરેપૂરો ભજવે એ સિન્સિયારિટી ગણાય ? એટલે કે પિતા-પુત્ર છે, એ બેનો વ્યવહાર છે, તો પિતા તરીકેનો વ્યવહાર પૂરેપૂરો ભજવે ત્યાં સિન્સિયારિટી ગણાય ?

**દાદાશ્રી :** ના, એ તો ઉપલકેય ભજવતો હોય, સિન્સિયારિટી વગર પણ ભજવી શકે.

**પ્રશ્નકર્તા :** પણ ત્યાં એની વ્યાખ્યા શું છે આમ ?

**દાદાશ્રી :** સિન્સિયારિટી એટલે હાર્ટિલી. હાર્ટિલી વગર પણ બાપ દીકરા જોડે વ્યવહાર કરી શકે છે. એ તો પોતાની મા ના હોય ને બીજાની મા હોય ને ત્યાં ખાવા-પીવાનું હોય ને, તો 'માજી, માજી' કર્યા કરે. ના કહે ? તો એ શું સિન્સિયારિટી છે ? હાર્ટિલી એટલે જ્યાં કશો બદલો લેવાનો નથી, ત્યાં સિન્સિયર રહેવું.

## ભેદ સમજો, ટ્રુલી અને સિન્સિયરલીનો

જ્ઞાની પુરુષ જોડે, આત્મા જોડે, રિયલ જોડે હંમેશાં સિન્સિયરલી રહેવું જોઈએ અને દેહ જોડે, દેહાધ્યાસ જોડે, એ બધા જોડે ટ્રુલી રહેવું જોઈએ. ત્યાં સિન્સિયર નહીં રહેવાનું. ટ્રુલી, યોર્સ ટ્રુલી લખીએ છીએ ને આપણે ?

**પ્રશ્નકર્તા :** હા, લખીએ છીએ, યોર્સ ટ્રુલી.

**દાદાશ્રી :** ત્યાં સિન્સિયર નહીં. સિન્સિયર આત્મા અને જ્ઞાની પુરુષ જોડે રહેવાનું; બીજે ટ્રુલી રહેવાનું. એટલે બીજે અમે ટ્રુલી રહીએ, સિન્સિયર ના રહીએ. સિન્સિયર તમારા આત્મા જોડે રહીએ, ચંદુભાઈ* જોડે ટ્રુલી. એટલે તમારે એવું સમજવું જોઈએ કે આ બધું ટ્રુલી છે જગતમાં. ત્યાં સિન્સિયર થઈ જાવ તો પછી આત્મામાં ટ્રુલી જ રહેશે. જ્યાં સિન્સિયર થવાનું ત્યાં ટ્રુલી થાય અને ટ્રુલી છે ત્યાં સિન્સિયર થશે તો એ આપણને લાભ મળશે નહીં, જેટલો જોઈએ એવો. એટલે એને સમજવાની જરૂર છે કે ક્યાં ટ્રુલી વાપરવાનું છે અને ક્યાં સિન્સિયરલી વાપરવાનું. આ લોકો કાગળ લખે, તે આપણને એમ લખે છેને ટ્રુલી, યોર્સ ટ્રુલી, તે આપણે યોર્સ ટ્રુલી રાખવાનું અને યોર્સ સિન્સિયરલી એ સમજી લેવાનું.

**પ્રશ્નકર્તા :** દાદા, આવો ભેદ કોઈ પાડે જ નહીં ને ! ટ્રુલી ને સિન્સિયરલી તો રોજ વાપરતા હોય પણ ક્યાં વાપરવાનું, તે કોને ખબર પડે ?

**દાદાશ્રી :** એટલે આ ટ્રુલી અને સિન્સિયરલી બહુ સમજવા જેવા બે વાક્યો છે.

**પ્રશ્નકર્તા :** વાત ખરી, સમજવા જેવા છે. કારણ કે ગમે ત્યાં ખેંચાઈ જવાય છે.

**દાદાશ્રી :** હા, બસ એવું થયું છે. એટલે પ્રેમ ઉત્પન્ન થાય જ નહીં ને ! દેહ જોડેય સિન્સિયરલી રહેવા માંગો, પ્રેમ શી રીતે ઉત્પન્ન થાય ? આ બધાના આત્મા જોડે આપણે સિન્સિયર રહેવું અને એ બધાના દેહ જોડે ટ્રુલી રહેવું. ત્યાં સિન્સિયર થવાથી આસક્તિ ઊભી થશે.

**પ્રશ્નકર્તા :** પણ જ્ઞાની પુરુષના દેહનો આધાર લઈને...

**દાદાશ્રી :** એ તો સ્વાભાવિક પ્રેમ ઉત્પન્ન થાય. પ્રેમથી પ્રેમ ઉત્પન્ન થાય, પણ તે પ્રેમ છે તે આસક્તિ ના હોય. આસક્તિ ક્યારે કહેવાય છે કે જ્યારે કોઈ સંસારી ચીજ લેવી હોય ત્યારે, સંસારી ચીજનો હેતુ હોય ત્યારે. આ સાચા સુખને માટે તો થાય, એ થશે, એનો વાંધો નહીં. અમારી ઉપર જે પ્રેમ રહે છે તેનો વાંધો નહીં. એ તમને હેલ્પ કરશે, બીજેથી પ્રેમ ઊઠાવી દેશે. બીજે આડી જગ્યાએ વપરાતો પ્રેમ ત્યાંથી ઊઠી જશે.

**પ્રશ્નકર્તા :** એટલે અમારામાં જાગતો ભાવ એ આપના હૃદયના પ્રેમનું જ પરિણામ છે ?

**દાદાશ્રી :** હા, આ પ્રેમ સ્વરૂપના ભાવ ઉત્પન્ન થાય. જ્યાં સંસારી સગાઈ નથી, લેવા નથી, દેવા નથી, નો રિલેશન. રિલેશનમાં તો સૌ કોઈ કરે.

**પ્રશ્નકર્તા :** આ ડિવાઈન સોસાયટી છે એક જાતની ? આને ડિવાઈન સોસાયટી કહેવાય ?

**દાદાશ્રી :** હા, હા, ડિવાઈન. આપણી જ સોસાયટી, આપણું જ.

## દેહ જોડે ટ્રુલી ને આત્મા જોડે સિન્સિયરલી

**પ્રશ્નકર્તા :** મને આપની વાતમાંથી બે બાબતો બીજી ઊભી થઈ મનમાં. તે એક તો એ કે અમારે આપના પ્રત્યે સિન્સિયર રહેવું એટલે કેવી રીતે રહેવું ? અને બીજું કે આ ટ્રુલી ખરેખર શું છે ? દેહ પ્રત્યે ટ્રુલી રહેવું એટલે શું ?

**દાદાશ્રી :** ટ્રુલી ને સિન્સિયરલીમાં એવું

* ચંદુભાઈની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

છે કે એ સિન્સિયરલીમાં કોઈ ભૂલચૂક થાય તો એ ભૂલચૂકને જમે કરવામાં નથી આવતી, ટ્રુલીમાં ભૂલચૂક થાય એ જમે થઈ જાય.

**પ્રશ્નકર્તા :** પણ એમાં કંઈ દાખલાથી સમજાશે આ, કંઈક દાખલો હોય ને ?

**દાદાશ્રી :** હું તમને કંઈ વઢું કોઈ વખત. અમે (આમ) વઢીએ નહીં ને કોઈ વખત વઢીએ એવા સંજોગોમાં, તોય તે તમે સિન્સિયર રહો ને, એટલે એ મહીં જમે-ઉધાર ના થાય અને તમે ગણિતેય ના માંડો, ગણિત માંડો નહીં મારા શબ્દો ઉપર. જો તમે ઊંધું કરો તોય હું ગણિત માંડું નહીં. હું ગણિત માંડું તો મારો પ્રેમ જતો રહે. એટલે ગણિત નહીં માંડવાનું, એ સિન્સિયરલી. અને ટ્રુલીમાં તો ગણિત માંડવાનું કે આજ વાયુ થઈ ગયો. એટલે કાલે અમુક ના ખવાય તો સારું. એમાં ગણિત માંડવાનું.

હંમેશાંય ટ્રુલી છે તે, જ્યાં રિલેશન ના હોય ત્યાં બધે જગત ટ્રુલી રહે છે ને સિન્સિયરલી અમુક જ માણસોને રહેતું હોય છે. એટલે આપણે ખાસ સિન્સિયરલી આત્માને રહેવાનું છે. આ લોકો સગાવહાલાને રહે છે અને આપણે આત્માને રહેવાનું છે. અને બહાર જે લોકો ટ્રુલી રહે છે તે ચંદુલાલ રહે. આ બહારના ભાગમાં ટ્રુલી રહે. એટલે ટ્રુલી લગભગ સુપરફ્લુઅસની નજીક આવી ગયું, નાટકીયની નજીક. નાટકીય હોય ને, એના નજીક આવી ગયું એ.

## બુદ્ધિ તોડાવે સિન્સિયારિટી

દરેક વસ્તુનો નિવેડો તો લાવવો પડશે ને ? નિવેડો જ ના લાવીએ તો કેમ ચાલે ? અને નિવેડો તો બધા બુદ્ધિશાળીઓને માન્ય થાય એવો હોવો જોઈએ. ત્યાં મતભેદ પડે એનું નામ નિવેડો ના કહેવાય. પછી ના માનવું હોય તો ના માને એ જુદું, પણ એકવાર માન્ય થાય એવો હોવો જોઈએ. સર્વમાન્ય હોવો જોઈએ. બુદ્ધિશાળી વર્ગને ના સમજાય એવું બને જ નહીં.

અને જે બુદ્ધિ પાછી, બુદ્ધિશાળીઓમાંય છે તે નમ્રપણાને ભજતી હોય એટલે નમ્રપણા તરફ જતી હોય અને સરળપણા તરફ જતી હોય. આ બે તરફ બુદ્ધિ જતી હોય એ શ્રેષ્ઠ બુદ્ધિ કહેવાય. બુદ્ધિમાનમાંય આ શ્રેષ્ઠ ગણાય કે નમ્રપણા તરફ જતી હોય અને જે બુદ્ધિ કેફને વધારે એ શ્રેષ્ઠ ના કહેવાય. એ તો નુકસાન કરી દેશે. કેફ વધે એટલે અટકી જાય માણસ. 'હું જાણું છું' એ કેફ વધે કે ખલાસ થઈ ગયો. પછી એને જાણવાનું બાકી રહ્યું જ નહીં ને ! અડધો ઘડો ભરેલો હોય ને કહે, મારો ઘડો ભરાઈ ગયો. અને પ્રેમવાળો તો ગમે ત્યાંથી સંપાદન કરે, નમ્રતાવાળો. બુદ્ધિ નમ્રતાવાળી જોઈએ. આપણે બુદ્ધિને રોજ તપાસવી કે મારી બુદ્ધિ નમ્રતા ભણી વળે છે કે અકડાઈ તરફ ફરે છે. આપણે આપણું જોઈ લેવું.

## જ્ઞાની ના આપે કશું વણતોલ્યું

**પ્રશ્નકર્તા :** જો દાદા આપણને વઢે તો આપણે વિચાર તો કરવો પડે ને કે આપણને કેમ વઢ્યા, આપણી ભૂલ શું રહી ગઈ ?

**દાદાશ્રી :** એ બરોબર. એ વિચાર કરવો પડે. એનો વિચાર કરો તો વાંધો નહીં.

દાદાએ વિચાર કર્યા વગર મને કહ્યું એવું માનવું એ ખોટું કહેવાય. અગર તો 'દાદાએ આવું ન કરવું જોઈએ' એવું કહે તોય ખોટું કહેવાય. અમે તો દરેક વસ્તુ તોલીને જ કરીએ. તોલ્યા વગર કરીએ નહીં. કો'કને એવું લાગે કે વણતોલ્યું આપવા માંડ્યું છે, પણ અમે તોલ્યા વગરનું આપીએ નહીં. વણતોલ્યું તો લોક આપે. તોલ્યા વગરનું તો એમને એમ ભાંડે-કરે એ લોક આપે, અમે ના આપીએ. અમે તો તોલીને આપીએ છીએ.

એટલે તેને જો એમ કહેવામાં આવે કે દાદા આવું કેમ બોલ બોલ કરે છે, એ ભયંકર જોખમ છે. તેને જોખમ, મને કંઈ જોખમ નથી. મને કંઈ વાંધો નથી પણ એને જોખમ છે. એટલે ત્યાં ચેતવું. આવું ના બોલીશ, આવું વિચારીશેય નહીં. અમારી પાસે વણતોલ્યું કશું હોતું નથી. વણતોલ્યું લોકો આપે. 'તમારામાં અક્કલ નથી, તમે આવા છો' કહે. અરે ! પણ તોલીને આપને. અક્કલ નથી તો પણ તું તોલીને આપને ! એટલો નોબલ હોય કે આ તોલ્યા વગર આપ આપ જ કર્યા કરે ! નોબલ માણસ !

હું છે તે તોલ્યા વગર આપતો હતો પહેલા. તે મને ખબરને કે આ તોલ્યા વગર આપતો હતો. તોલીને આપ્યું હોત તો સારું દેખાય ને બહાર ?

**પ્રશ્નકર્તા :** દાદા, એકાદ દાખલો આપો ને, તમે તોલ્યા વગરનું કેવું આપતા હતા ?

**દાદાશ્રી :** અરે ! સામાને આધાશીશી ચડી જાય એવું. હું કહું તો આધાશીશી ચડી જાય ! એટલે આ ખ્યાલ છે મને અને લોકોને શું થતું હશે તેય મને ખ્યાલ છે. કારણ કે હું જે રસ્તે આવ્યો છું એ રસ્તા મને યાદ હોય ને બધા. એટલે હું તમને કહું છું ને, મારી પાછળ-પાછળ, પૂંઠે-પૂંઠે વહ્યા આવો. આગળ જશો તો વાંધો નથી પણ બહુ પાછળ ના પડી જશો, એમ કહું છું.

### જ્ઞાનીને સિન્સિયર રહી, કામ કાઢી લો

**પ્રશ્નકર્તા :** પાછળ રહીએ એટલું બસ છે, દાદા.

**દાદાશ્રી :** ના, એ બહુ પાછળ ના પડી જશો.

**પ્રશ્નકર્તા :** બહુ નહીં પણ પાછળ જ રહીએ તો બસ છે, દાદાની પાછળ.

**દાદાશ્રી :** મારે રાહ ના જોવી પડે. આમ પાછળ જોઉં તો ચંદુભાઈ દેખાય, બધાય દેખાવા જોઈએ. આગળ જશો તો વાંધો નહીં. આગળ જશો તો હું તો લગામ હઉ આપી દેવા તૈયાર છું. મારે તો આમાં કશું નહીં અને એ લગામ જોઈતી હોય તોય આપી દેવા તૈયાર.

**પ્રશ્નકર્તા :** દાદા, આવું પાછળ પડી જવું એટલે શું ? એ જરા સ્પષ્ટ કરી દો.

**દાદાશ્રી :** પાછળ પડી જવું એટલે અમારા તરફ જ એનું ધ્યાન હોવું જોઈએ ને આ જ, દાદાની સાથે જ છું અને દાદાથી (દૂર) હવે ખસાય જ નહીં એવું રહેવું જોઈએ.

સંસારની ચીજો ઉપર જે ભાવ છે ને, તેને ડિવેલ્યુએશન કરતા (કિંમત ઘટાડતા) જવું પડે, તો સાથે રહેવાયને ?

**પ્રશ્નકર્તા :** હંઅ, એ ખરી વાત છે. ડિવેલ્યુએશન કરો તો થાય ?

**દાદાશ્રી :** આ લોકો આવડા મોટા પાઉન્ડનું ડિવેલ્યુએશન કરે છે, તો આપણે આમાં શું વાંધો ? બ્રિટિશ ગવર્મેન્ટ આવડા મોટા પાઉન્ડનું ડિવેલ્યુએશન કરે છે, તો આપણને એમાં શું ફાયદો ? રોજ ખબર આવે છે કે દસ પૈસા ડિવેલ્યુએશન થઈ ગયું, ત્યારે એમને ગમતું હશે બિચારાને ? શું થાય ? એવા સંજોગો ઊભા થાય ત્યારે શું કરવું પડે ?

### જુદાઈ નહીં, અંતઃકરણની એકતા

સિન્સિયર એટલે તો, અંતઃકરણની એકતા જોઈએ ! જેને 'દિલથી' કહીએ છીએ ને ? દિલ એટલે અંતઃકરણની એકતા, મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકારની; ત્યારે દિલથી કહેવાય. પછી મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકાર એક બાજુ જ હોય, બીજો વિરોધાભાસ ના હોય અને અત્યારે તો મન પણ વિરોધાભાસ, બુદ્ધિયે વિરોધાભાસ, ચિત્ત પણ વિરોધાભાસ, અહંકારેય વિરોધાભાસ, આને

સિન્સિયરલી કેમ કહેવાય ? આપણો આ સત્સંગ દિલથી થાય છે ને ! તોયે બહુ થઈ ગયું. પછી મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર જુદાં ના પડે.

પેલા સિન્સિયરલી લખે છે ને, તેમાં મનેય વિરોધાભાસ, બુદ્ધિયે વિરોધાભાસ, અહંકારેય વિરોધાભાસ અને આ એકતા જોઈએ એની. એવું કેટલાકને મળે. નીરુબેનને વધારે શું મળે ? એ અંતરથી, દિલથીય ખરું અને વળી પાછું આ દેહેય ખરું.

**પ્રશ્નકર્તા :** દિલ અને દેહ બન્ને.

**દાદાશ્રી :** હા, સિન્સિયારિટી બન્ને રીતે એમની પાસે છે. પણ એક રીતે પ્રાપ્ત થાય તોય બહુ છે. આપણે દિલથી થાય ને તોય બધું બહુ છે. મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકાર જુદા ના પડે.

**પ્રશ્નકર્તા :** ચારે ચાર એક રહે.

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** એનો અર્થ એવો થયો કે મન-વચન-કાયાની એકતાથી રહેવું ?

**દાદાશ્રી :** એકતા તો હોય જ. ત્યાર પછી જ સિન્સિયરલી રહેવાય, નહીં તો ત્યાં સુધી સિન્સિયર ગણાય નહીં. પણ એકતા એટલે કાયમની, ક્યારેય પણ બાંધછોડ ના થાય એવી. પોતાનો સિન્સિયારિટીનો ધ્યેય ના ચૂકે.

## સિન્સિયારિટીથી પ્રાપ્તિ પરમાત્મપદની

સિન્સિયર એટલે તન-મન-વચને સાચા. અને તે પાછા ગુરુને સિન્સિયર જ હોય. ગુરુ વઢે તોય સિન્સિયારિટી આઘીપાછી ના થાય, તો એ મોક્ષે જાય.

સિન્સિયરનો અર્થ શું ? કે પોતાની જાતને સિન્સિયર રહો. એટલે મનને સિન્સિયર રહો, બુદ્ધિને સિન્સિયર રહો, અહંકારને સિન્સિયર રહો. એમાં એને દગો-ફટકો નહીં કરો. આ તો પોતાની જાતને જ દગો-ફટકો કરે છે લોકો, એ શોભાસ્પદ ખરું ?

**પ્રશ્નકર્તા :** બિલકુલ નહીં.

**દાદાશ્રી :** સિન્સિયર એટલે સિન્સિયર ! માણસ જો પોતાની જાતને સિન્સિયર રહે તો એ પરમાત્મા થાય, પછી જ્ઞાની મળે કે ના મળે ! પણ એની જાતને સિન્સિયર રહ્યો તો એ બધા સંજોગો ભેગા થઈ જાય.

(પ્રગટ) 'જ્ઞાની પુરુષ' પાસે જેટલી સિન્સિયારિટી રાખે એટલું આપણું સ્વરૂપ પ્રગટ થઈ જાય.

## પ્રગટની ભક્તિ કરો સિન્સિયરલી

**પ્રશ્નકર્તા :** પ્રગટની ભક્તિ કેવી રીતે કરવી ?

**દાદાશ્રી :** પ્રગટની ભક્તિ તો આપણે તન-મન-વચને એકતાથી કરવી જોઈએ અને સિન્સિયરલી. જેટલું સિન્સિયરમાં કાચું એટલું આપણું કાચું. આ બુદ્ધિ વપરાવી ના જોઈએ એમાં. પ્રગટની ભક્તિ કરવામાં બુદ્ધિ વપરાય તો આપણું નુકસાન કરે.

**પ્રશ્નકર્તા :** અબુધ થઈને વાપરો.

**દાદાશ્રી :** એ અબુધ તો ન થઈ જવાય. માણસને અબુધ થતા તો બહુ વાર લાગે. અબુધ થાય એટલે પછી તો થઈ રહ્યું, પૂર્ણાહુતિ થઈ ગઈ, નિરાલંબ થઈ ગયો. પણ બુદ્ધિ વપરાતી હોય તો આપણે સમજી જવાનું કે આ બુદ્ધિ વપરાશે તો આપણને નુકસાન થશે. ખરો ફાયદો નહીં થાય. એટલે બુદ્ધિ ના વપરાવી જોઈએ. એ તો ગજવા કાપનાર હોય ત્યાંય બુદ્ધિ ના વાપરવી જોઈએ. ત્યાંય સિન્સિયર જ, એના ભાવે જ રહેવું જોઈએ. અને બુદ્ધિ વપરાઈ કે ડખો થઈ જાય એને.

**પ્રશ્નકર્તા :** એક દાખલો આપોને, દાદા.

**દાદાશ્રી :** હવે એક માણસ કહે છે કે મારે ગજવા કાપવામાં એક્સપર્ટ થવું છે, તો કૉલેજમાં જાય તો વીસ વર્ષેય ના થાય એ. પ્રોફેસર જ ના હોય એના.

એટલે આપણે એમ કહેવું પડે કે ગજવા કાપવામાં ગામમાં કોણ પહેલો નંબર ધરાવે છે ? તેને ખોળી કાઢી, એને ત્યાં જઈ જરા સલામી ભરીને છોકરાને સોંપી દે કે ભઈ, આ છોકરો તમને સોંપ્યો બા. એને તમારા જેવો બનાવી દો. તમારી સેવામાં રહેશે નિરંતર. છોકરાને સમજણ પાડીએ કે જમવા ઘેર આવજે, બે ટાઈમ. કપડાં-બપડાં બધું આપણું ઘરનું. તારે એ કહે એટલું કામ કરવાનું, ફ્રી ઑફ કોસ્ટ. ઉપરાંત એ કઈ સિગરેટ પીએ છે, એ તું મને કહેજે. એ સિગરેટના બે પાકીટ લઈ જવા ગજવામાં રોજ અને દીવાસળીની પેટી લઈ જવાની. એ ગજવામાં હાથ ઘાલવા જાય તે પહેલા સિગરેટ કાઢીને આપવાની અને સળગાવી આપવાની. ત્યારે બીજું શું કરવાનું ? ત્યારે કહે, પછી એની આંખ સામું જોયા કરજે, બસ. આટલું શીખવાડ્યું તો ઑલરાઈટ. છ મહિનામાં તો એકદમ એક્સપર્ટ થઈ જાય.

પ્રશ્નકર્તા : સાચી ટ્રેનિંગ મળવી જોઈએ એને.

**દાદાશ્રી :** નહીં, એ પ્રગટની ટ્રેનિંગથી છ મહિનામાં એક્સપર્ટ થાય, જ્યારે પેલું વીસ વર્ષેય ના થાય. કશું આવડત ના આવે. પકડાઈ જાય એવો થાય. ગજવું કાપવામાં પકડાઈ જાય એને એ ટ્રેનિંગ શું કામની ? અને ખરી ટ્રેનિંગ તો કોને કહેવાય ? સી.આઈ.ડી.નું ગજવું કાપે તોય પકડાય નહીં, એ ખરી ટ્રેનિંગ કહેવાય. એ પેલા છોકરાંને એક્સપર્ટ પાસે મળી જાય. પ્રગટ જ કામ કરે, આ દુનિયામાં. બીજી બધી વાતો ખોટી છે.

જે સિન્સિયરલી માર્ગ છે એ બધો સહજનો છે અને ટુલી માર્ગ છે તે અસહજનો છે. સહજ હશે તો જ કામ થશે.

'જ્ઞાની પુરુષ'નો રાજીપો અને 'સિન્સિયારિટી', આ બેના ગુણાકારથી તમામ કામ સફળ થાય તેમ છે !

### સિન્સિયારિટી સંગે, મન-હૃદય

**પ્રશ્નકર્તા :** દાદા, મને મન અને હૃદયનું સ્પષ્ટીકરણ જોઈએ છે. મન ચંચળ છે, હૃદય સ્થિર છે ને હૃદયનો ઉલ્લાસ કાયમ રહે છે, એ વાતનું સમાધાન જોઈએ છે.

**દાદાશ્રી :** મન ચંચળ હોવાથી સ્થિર જોડે સ્થિરતા પકડી શકતું નથી. જેટલી સ્થિરતા પકડે એટલું હૃદયમાં એકાકાર થાય અને તો જ હૃદય કામ કરતું કહેવાય, નહીં તો કામ કરતું જ ના કહેવાય. મન સ્થિર થયું તો હૃદય કામ કરતું કહેવાય.

**પ્રશ્નકર્તા :** હૃદય એટલે તમે શું કહેવા માગો છો ?

**દાદાશ્રી :** હૃદય એટલે આપણી અવળી કે સવળી ગતિનું પ્રયાણ છે એ દેખાડે છે. સિન્સિયારિટી કે ઈનસિન્સિયારિટી, બે ભાગ છે ને ? એટલે સિન્સિયારિટી હોય તેને પછી મન સિન્સિયારિટીમાં હેલ્પ કરે.

હવે સ્થૂળ મનનું જે સ્થાન છે ને, તે હૃદયની થ્રૂ (મહીં) છે અને સૂક્ષ્મ મન અહીં કપાળ છે ત્યાં અંદર છે. સ્થૂળ મન ઉત્પન્ન થવાનું હૃદયની મહીંથી. જેમ પાણી નળમાં અહીંથી આવે, પણ ટાંકી ઉપર હોય ને ? એવી રીતે બધું છે. એટલે હૃદયની અંદર જે મન આવ્યું છે એ મન સ્થિર થાય તો કામ કાઢી નાખે. હા, ચંચળ મન હોય તો કામ ના કાઢે.

સિન્સિયારિટીમાં મન ભળે તો મોક્ષે લઈ

જાય. આ લોકો કહે છે ને, કે મારું દિલ લાગતું નથી ! સામો સિન્સિયર હોય ને આપણે સિન્સિયર હોઈએ તો દિલ લાગે, નહીં તો દિલ લાગે નહીં. કારણ કે સ્વભાવ ભિન્ન થાય. સ્વભાવ ભિન્નતા એટલે દિલ ના લાગે અને પેલી સ્વભાવ એકતા હોય તો દિલ લાગી જાય. પછી કહેશે, 'દિલ લગી, દિલ લગી.' સિનેમાવાળા એક્ટર પર દિલ લાગી જાય છે ને ? આપણે ગમે તેવા ફર્સ્ટક્લાસ કપડાં પહેરીએ તોયે દિલ ના લાગે, એ સ્વભાવની એકતા. પેલા બેઉ ડાઉનવર્ડ (નીચે) જવાના.

હૃદય બે જાતના : એક સિન્સિયર અને એક ઈનસિન્સિયર. ઈનસિન્સિયર સિન્સિયર ના થાય ને સિન્સિયર હોય તો ઈનસિન્સિયર ના થાય અને કેટલાકનું મિક્ષ્ચર સ્વરૂપે હોય છે.

ખાલી 'હાર્ટિલી, હાર્ટિલી' બોલ્યા કરે છે એટલું જ, પણ મનને ને હૃદયને સંબંધ છે પાકો. હાર્ટના થ્રૂ છે એ. એટલે હાર્ટની જે સિન્સિયારિટી કે ઈનસિન્સિયારિટી છે, એમાં મન ભળે એટલે પેલાને દિલ લાગે. ત્યારે એ કહે, 'મને દિલ લગી.'

**પ્રશ્નકર્તા :** એટલે સિન્સિયારિટીમાં મન ભળે તોયે દિલ લગી ને ઈનસિન્સિયારિટીમાં મન ભળે તોયે દિલ લગી થાય ?

**દાદાશ્રી :** ઈનસિન્સિયારિટીમાં મન (હું) ભળે તો વધારે દિલ લગી થાય (લપસવામાં), સિન્સિયારિટી કરતાંયે ! ને આ સિન્સિયારિટીમાં મન (હું) ભળે તો જરા ઓછી દિલ લગી લાગે (ઊંચે ચઢવામાં).

## ઈનસિન્સિયારિટી એ પણ એક ઊંચો ગુણ

ઈનસિન્સિયારિટી એય ગુણ સારો છે અને સિન્સિયારિટી એય ગુણ સારો છે, પણ ઈનસિન્સિયર રહે નહીં. ઈનસિન્સિયર થાવ તો એ બહુ લાભકારી છે, પણ આ તો સિન્સિયર થતો નથી ને ઈનસિન્સિયરેય થતો નથી. કાં તો સિન્સિયર થઈ જા ને કાં તો કમ્પ્લિટ ઈનસિન્સિયર થઈ જા. આ તો અર્ધદગ્ધ રહે છે. એટલે નથી સિન્સિયર રહેતો ને નથી ઈનસિન્સિયર રહેતો. અર્ધદગ્ધ તમને સમજણ પડી ને ? ઘણોખરો ભાગ એ છે, તેની જ આ જબરી ઉપાધિ છે ને !

નહીં તો ઈનસિન્સિયર કરીને ચાલ્યું આગળ, તો પછી જશે એ ગમે તે લાસ્ટ સ્ટેશને. રોંગ સ્ટેશન તો રોંગ સ્ટેશન, પણ જશે એ લાસ્ટ સ્ટેશને. અને ત્યાંથી ગાડી પાછી ફરશે, પણ આ તો સુરતમાં ને સુરતમાં અધવચ્ચે રખડ્યા કરે છે, કેટલાય વર્ષથી. નથી આગળ જતો કે નથી પાછળ જતો. આગળ માર્ગ મળતો નથી. સિન્સિયારિટી ગુણ આવે ને, તો ઉત્તમ છે.

**પ્રશ્નકર્તા :** સિન્સિયર એ મને સમજાયું, પણ ઈનસિન્સિયર થવાથી પણ એ સદ્‌ગુણ તમે કહો છો, એ સમજાતું નથી.

**દાદાશ્રી :** ઈનસિન્સિયર તો બહુ ઊંચો ગુણ છે, પણ એ થઈ શકતા નથી માણસો.

**પ્રશ્નકર્તા :** પણ ઈનસિન્સિયર કોને થવાનું ?

**દાદાશ્રી :** એવું છે, કોઈ ઈનસિન્સિયર હોય એ ઊંચો ગુણ છે. એ જલદી મોક્ષે લઈ જાય. પહેલા એ પાતાળમાં (નર્કે) લઈ જાય. પછી ત્યાંથી પાછો ફરે, તે છેક આગળ મોક્ષે લઈ જાય.

સિન્સિયર થવું સહેલું છે, ઈનસિન્સિયર થવું સહેલું નથી. એને માટે તો અહીં બધી મજબૂતી જોઈશે, માનસિક મજબૂતી જોઈએ. પછી શારીરિક મજબૂતી, એમાં પાશવતા જોઈએ. ઈનસિન્સિયારિટીમાં તો બધો સામાન જોઈએ અને સિન્સિયારિટીમાં સામાન ના હોય તો ચાલે. આ તો અર્ધદગ્ધ રહ્યા. તે ઈનસિન્સિયર રહે છે પણ ઈનસિન્સિયર પૂરો થતો નથી. એના કરતા થઈ જા ને પૂરો ઈનસિન્સિયર !

જેટલા ઈનસિન્સિયર હતા ને, સિન્સિયારિટી એમની પાસે નહોતી. ભગવાન એમની માથે હતા તોય એ ભગવાનને ગાંઠતા નહોતા. પણ તેમનો ઉકેલ સારો આવી જાય. ઈનસિન્સિયર એટલે એક ફેરો નીચે પછડાટ ખાય, પણ પછી ઉપર ચઢી જાય અને આ તો ના પછડાય, ના નીચે જાય કે ના ઉપર જાય ને બફાયા કરે. ઈનસિન્સિયારિટી કંઈ ખોટો ગુણ નથી. એ બેઉ સગા ભાઈ છે.

ધર્મનેય સિન્સિયર નહીં ને કોઈનેય સિન્સિયર ના હોય એનું નામ આપણી આ પ્રજા. અધર્મને સિન્સિયર રહેતો હોય તોયે કલ્યાણ થાય, પણ અધર્મનેય સિન્સિયર નથી રહેતો. અધર્મ હોય તોયે ભગવાન ભેગા થાય કાં તો ધર્મ પૂરો હોય તો ભેગા થાય. બધું આ જ, ધર્મેય નહીં, અધર્મેય નહીં, કોઈ જગ્યાએ ઠેકાણું જ નહીં.

## ઈનસિન્સિયારિટીનું પરિણામ

**પ્રશ્નકર્તા :** ઈનસિન્સિયારિટી એટલે ચાણક્યનીતિ ?

**દાદાશ્રી :** ના, ચાણક્યનીતિ નહીં સારી. ચાણક્યનીતિ એટલે શું ? કે જ્યાં લાભ ઉઠાવવા મળે ત્યાં લાભ ઉઠાવવો, બેઉ બાજુથી લાભ ઉઠાવે. અને પેલા ઈનસિન્સિયર એટલે ઈનસિન્સિયર જ, એ બાજુની જ દિશા. આ ચાણક્યનીતિ તો ખોટી છે. એ દ્વિધા નીતિ છે, એ આમેય કરે અને આમેય કરે. એ ચાણક્યનીતિવાળા જોડે રહેવાય નહીં આપણાથી. એના કરતા ઈનસિન્સિયર સારા. આપણે જાણીએ છીએ કે ઈનસિન્સિયર છે આ માણસ. એટલે એને શાક લાવવા જ ના આપીએ ને ! ઈનસિન્સિયરને ટિકિટ લેવા મોકલાય કે 'ચાલીસ ટિકિટો લઈ આવજે.' તે એ લઈ આવે, પણ શાક લેવા ન મોકલાય. એ ટિકિટમાં કમિશન કાઢે નહીં, શાકમાં કમિશન કાઢી લે. એટલે આપણને સમજતા ફાવે કે ઈનસિન્સિયર જ છે.

ઈનસિન્સિયરને વાંધો જ નથી. એ તો ગમે ત્યાં શિકાર ખોળી કાઢે. એને તો દરિયામાંય મળે, જમીન પરેય મળે ને ખેચર(આકાશ)માંયે શિકાર મળે. એટલે જ્યાં જુએ ત્યાં એને શિકાર મળે.

ઈનસિન્સિયર તો સારો માણસ છે, પણ આપણે સમજી લેવું જોઈએ કે ભઈ, આવા ક્વોલિફાઈડ છે. એમાંનું 'ડિસ' આપણી પાસે રાખવાનું, 'ડિસ' ગળી જવાનું અને કહેવાનું કે ક્વોલિફાઈડ છે. એટલે આ દુનિયા બહુ વિચિત્ર છે. ઈનસિન્સિયારિટી છે, એને લીધે તો સાતમી નર્કે જાય અને પછી અહીં આગળ એક-બે અવતારમાં ભગવાનેય થાય.

## પૂર્ણ ઈનસિન્સિયારિટી પમાડે મોક્ષ

એંસી ટકા ઈનસિન્સિયર થયેલા હોય, તેને અમે સિન્સિયર થવાનું કહીએ નહીં. એંસી ટકા ઈનસિન્સિયરવાળાને અમે શું કહીએ, કે ભાઈ, આ ખોટ પૂરી થાય એવી નથી. મેલ નાદારી. મારી પાસે નાદારી, સરકાર પાસે નહીં કે સાહેબ, હવે મારે કશું થાય એવું નથી. તો હું કહું કે પૂરેપૂરો થઈ જા ઈનસિન્સિયર. ઈનસિન્સિયર પૂરેપૂરો થાય તો શું થાય એ જાણો છો તમે ? એ ઈનસિન્સિયર પૂરેપૂરો થયેલો, એ જ એને મોક્ષમાર્ગે લઈ જાય. કારણ કે ભગવાનનો વિરોધી થયો સંપૂર્ણ. કાં તો ભગવાનનો ભક્ત જ મોક્ષે જાય, કાં તો વિરોધી જાય. હા, વિરોધીને તો મોક્ષે તેડી જવાનો. એ ઈનસિન્સિયારિટી એ તો ભગવાનનો સંપૂર્ણ વિરોધી કહેવાય. જેટલો ઈનસિન્સિયર થયો એ વિરોધી ભગવાનનો અને સંપૂર્ણ (૧૦૦ ટકા) વિરોધી થયો, તેનો મોક્ષ.

ભગવાને કહેલું આપણા શાસ્ત્રોમાં લખ્યું એટલે હું કહું કે એંસી ટકા થયો તો વીસ ટકા પૂરા કરી દે હવે. તું હવે વીસ ટકા ઈનસિન્સિયર થઈ જા. આ મૂઆ એંસી ટકા ક્યારે વળે ? એના

કરતા વીસ ટકા મેલ પૂળો અહીંથી. જે થવાનું હશે તે થશે, પણ કહ્યું, બીજું દેખાડું હં, એમને એમ નહીં ! એમને એમ તો જીવાય જ નહીં એનાથી. આ થોડી ઘણી ઈનસિન્સિયારિટી થઈ હોય તો જીવાતું નથી. એટલે લે, હું તને બીજું દેખાડું છું, તે તને મોક્ષે લઈ જશે. ઈનસિન્સિયર રહીનેય મોક્ષે જાય.

મોક્ષ તો જ્ઞાની પુરુષનું એક જ વાક્ય પકડે તો બહુ થઈ ગયું. એક જ વાક્ય પકડે ને એ છેક સુધી પાળે તો. આ તો મેં તમને જ્ઞાન આપ્યું છે એટલે જાગૃતિ રહેશે. તમને તો હાથમાં આવી ગયું છે, પણ બીજા બહારના માણસો એક જ વાક્ય જો મારું પકડે તો બહુ થઈ ગયું !

## પહેલું પોલા ભાગમાં જ્ઞાન ભરો

**પ્રશ્નકર્તા :** નિષ્ઠાવાન થવાય કેવી રીતે ? અંદર પોલ છે બધી. અંદર પોલ છે, એ તો પોતાને તો ખબર ના પડે કે અહીં પોલું છે ?

**દાદાશ્રી :** તે પેલું એકવાર ફાઉન્ડેશન મજબૂત કરી લે ને ! સ્ટેબિલાઈઝેશન કરી લે, પછી થાય. પહેલું સ્ટેબિલાઈઝ કરવું પડે. પોલમાં માટી-બાટી નાખીને ઉપર રોલર ફેરવવું જોઈએ ને સ્ટેબિલાઈઝ કર્યા પછી નિષ્ઠાવાન થવાનું ફાઉન્ડેશન ખોદવું.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, કેટલીક જગ્યાએ તો ખબર જ ના પડે કે અહીં પોલ વાગે છે ?

**દાદાશ્રી :** હા, પણ એ કંઈ બહારનાએ નથી કરી, એ તેં જ કરેલી છે.

**પ્રશ્નકર્તા :** કરી છે મેં પણ મને ખબરેય નથી પડતી ને !

**દાદાશ્રી :** તો હવે એને રાગે પાડવાનું. એમાં આપણે આ ભરણી કરી દેવાની. એની ઉપર, દાદાની પાસે રોલર માગી જવાનું. તે રોલર આપશે મફત. ભાડું-બાડું કશું નહીં. ભરણી કરી દો ને એકવાર.

**પ્રશ્નકર્તા :** દાદા, હજુ બરાબર સમજાવો ને ! આ ખબર ના પડી, ભરણી કરવાનું એટલે શું ?

**દાદાશ્રી :** ભરણી કરવાની એટલે આ દેહ છે, એમાં જૂનો માલ ભર્યો છે, તે હવે સારું ભરવાનું આ દાદાનું. એ આપણે ભરીએ એટલે પેલી બાજુ નીકળતો જાય. દાદાનું ભર ભર કરીએ એટલે પેલો નીકળતો જાય. એક માણસ મને કહેતો'તો, હું જમું નહીં તો મને બંધકોષ થઈ જાય છે, એનું શું કારણ ? કે ભરતો નથી. ભરે તો ઠલવાય ને ! તું પણ ભરતો નથી, માટે ઠલવાતો નથી.

**પ્રશ્નકર્તા :** બરાબર, નિયમ છે એવો.

**દાદાશ્રી :** એટલે તું ભરું તો ઠલવાય જાય બધો, નીકળે ભરેલો માલ. એટલે ભરણી કરવાનું કહું છું. કરીશ હવે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** હા, તો ભરજે બરોબર. તું કરીશ તો આ બધા પાછા ભરણી કરશે.

**પ્રશ્નકર્તા :** એ તો બધાને જ લાભ થાય ને, દાદા. બધાયને જરૂર ખરી ને, દાદા.

**દાદાશ્રી :** ભરણી કરેલી હોય વખતે કોઈને, એને રોલર ફેરવવાની જરૂર હોય.

**પ્રશ્નકર્તા :** રોલર ફેરવવાનું એટલે શું કરવાનું ?

**દાદાશ્રી :** એ અમે ફેરવી આપીએ પછી. રોલર આવે છે, આઠ ટનના, બાર ટનના. અમે જાણીએ કે અહીંયા બાર ટનનો રોલર ફેરવવાનો છે. આ તું ભરણી કરતો નહોય, ત્યાં સુધી રોલર શી રીતે ફેરવીએ ?

**પ્રશ્નકર્તા :** ના ફેરવાય.

**દાદાશ્રી :** રોલર ફેરવવા જાય તો રોલર મહીં પડી જાય !

### જ્ઞાન ભરવાથી અજ્ઞાન નીકળી જાય

**પ્રશ્નકર્તા :** આ સારો માલ કે ખરાબ માલ બધો નિકાલ જ કરવાનો છે ને આપણે તો શુદ્ધાત્મામાં રહેવાનું ને ?

**દાદાશ્રી :** હા, નિકાલ કરવાનો.

**પ્રશ્નકર્તા :** પછી ભરણી કરવાની જરૂર શી ?

**દાદાશ્રી :** એ ભરણી કરવાની નથી, ભરણી તો આપણું આ જ્ઞાન ભરવાનું છે. એનાથી અજ્ઞાન નીકળી જશે બધું, કચરો બધો.

**પ્રશ્નકર્તા :** આ નિષ્ઠાવાન એ તો સારો ગુણ છે ને, દાદા ?

**દાદાશ્રી :** ના, બીજે નિષ્ઠાવાન થાય એ સારો ગુણ ના કહેવાય. નિષ્ઠાવાન એટલે સિન્સિયર ટુ ધીસ જ્ઞાન. જેને સિન્સિયારિટી ના હોય તો એ થાય જ નહીં ને !

તમે મને સિન્સિયર ના રહો તો ?

**પ્રશ્નકર્તા :** તો ના થાય.

**દાદાશ્રી :** જો બ્રહ્મચર્ય નિષ્ઠામાં ના હોય તમને, તો તમે બ્રહ્મચર્ય પાળી શકો જ નહીં. નિષ્ઠામાં બ્રહ્મચર્ય જોઈએ.

### જ્યાં હોય રસ, ત્યાં આવે નિષ્ઠા

જેમ બ્રહ્મનિષ્ઠ પુરુષ હોય, ત્યારે કહે, એની નિષ્ઠા શું ? તો કહે, બ્રહ્મ એટલી જ નિષ્ઠા, બીજા કોઈને સિન્સિયર નહીં.

**પ્રશ્નકર્તા :** બ્રહ્મ એટલી જ નિષ્ઠા ?

**દાદાશ્રી :** હા. કૃષ્ણ ભગવાન શું કહેવાય ? નૈષ્ઠિક બ્રહ્મચારી. નૈષ્ઠિક બ્રહ્મચારી એટલે શું કે આ કૃષ્ણ ભગવાન જેવા છે એવા જ છે, પણ એમની નિષ્ઠામાં હવે બ્રહ્મચર્ય સિવાય બીજું છે નહીં. એમની નિષ્ઠામાં બ્રહ્મચર્ય છે એટલે એમને નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવામાં આવ્યા.

**પ્રશ્નકર્તા :** નૈષ્ઠિક બ્રહ્મચારી !

**દાદાશ્રી :** હા. તોય જમનાજીએ માર્ગ દીધો'તો, નૈષ્ઠિક બ્રહ્મચારી હોય તોય. એ નિષ્ઠાની કિંમત તને ના સમજાઈ ?

**પ્રશ્નકર્તા :** હા, સમજાઈ.

**દાદાશ્રી :** નૈષ્ઠિક બ્રહ્મચારી કહે ને લોકો સમજે નહીં, નૈષ્ઠિક શું ને એ શું ? નૈષ્ઠિક બ્રહ્મચારીને અંગે વિચારવાનું નહીં. લોક તો હમણે ખાંડનો કંટ્રોલ આવ્યો, તે તરત વિચારી નાખે કે કંઈથી મળે, કંઈથી લઈ આવું, શું કરું ? એ બધું એ વિચારી શકે. આ આવડે, પેલું આવડે નહીં. પેલામાં રસ નહીં ને ! રસ બધો અહીં (ભૌતિકમાં), આમાં (અધ્યાત્મમાં) હજુ એને રસાસ્વાદ લાગ્યો જ નથી ને ! આમાં રસાસ્વાદ લાગે તો પેલા બધાય સ્વાદ છોડી દે.

### વ્યવહાર ચોખ્ખો થવા કાજે

**પ્રશ્નકર્તા :** સિન્સિયારિટી અને મોરાલિટી વિશે જે વાત થઈ, તો એ વ્યવહારની સિન્સિયારિટી-મોરાલિટી કે નિશ્ચયની સિન્સિયારિટી-મોરાલિટી ?

**દાદાશ્રી :** નિશ્ચયમાં તો સિન્સિયારિટી-મોરાલિટી હોય જ નહીં ને ! બધું વ્યવહારનું જ હોય. આ બધા શબ્દો વ્યવહારમાં છે. વ્યવહાર ચોખ્ખો કરવા માટે એ શબ્દો છે બધા. નિશ્ચયમાં તો એક શબ્દેય પહોંચે નહીં, એક અક્ષરેય પહોંચે નહીં. વ્યવહારમાં જેટલો સિન્સિયર ને મોરલ, એટલી એને કોઈ દહાડોય અડચણ ના આવે. જેટલી સિન્સિયારિટી ને મોરાલિટી, તે મોક્ષે જાય જલદી. એને નિરંતર ક્લિયર જ માર્ગ હોય.

## પચાસ ટકા સુધી તો પહોંચો

તું કોઈ જગ્યાએ ઈનસિન્સિયર થયેલો ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એમ ? થોડો ઘણો કે પચાસ ટકા કે પચ્ચીસ ટકા ?

**પ્રશ્નકર્તા :** એ ખબર નથી, હજી પરસન્ટેજ (ટકા) નથી કાઢ્યા.

**દાદાશ્રી :** હા, પણ છે ખરું ?

**પ્રશ્નકર્તા :** હા, તે થોડું હોવું જોઈએ.

**દાદાશ્રી :** થોડું ઘણું છે, નહીં ? એટલે દસેક ટકા? ત્યારે તો આપણે કાઢી નાખીએ, છૂટકો. પચ્ચીસ ટકા થવા સુધી, પચાસ ટકા થવા સુધી જાગૃતિથી તેને કાઢી નાખો. પછી એકાવન થયું, એટલે એના કરતા...! હંમેશાં વ્હીલ છે ને, પેલું ફલાય વ્હીલ જોયેલું ? આ મોટા મોટા એન્જિનોને ફલાય વ્હીલ બહુ મોટું હોય છે, નહીં ? એને હેન્ડલ મારે છે, ફલાય વ્હીલથી. તે આ અહીંથી હેન્ડલ મારવાનું, તે આ અહીં આગળ નિશાન છે સેન્ટરનું. તે આ અહીંથી (નીચેથી) હેન્ડલ માર્યું, અહીંથી આટલું ઊંચકીને અહીં સુધી (મધ્યબિંદુ સુધી) આવ્યા, અને આ અહીંથી એની મેળે છોડી દે તો પાછું એટલું ફરે. એટલે એકાવન ટકા, બાવન ટકા તે ઈનસિન્સિયર થયો ને, તો એને ના કરવું હોય તો એ ઈનસિન્સિયારિટી પેસી જાય. એની મેતે ફરે. અને અહીં પચાસની અંદર રહ્યો હોય ને તો પાછું ફરે. ફલાય વ્હીલ નહીં જોયેલું ?

**પ્રશ્નકર્તા :** જોયેલું ને !

**દાદાશ્રી :** તમે ફેરવતી વખતે નહીં જોયું હોય, નહીં ? હું તો પાંચ-પાંચ, દસ-દસ મિનિટ જોયા કરતો'તો કે, આ વજન ઠેઠ સુધી, આખો ગોળાવો-ફેરાવો કરવું પડે ? ત્યારે કહે, 'ના, આટલે સુધી ફેરવ એ. પછી તો એના વજનથી ફરે.' એટલે આ બધું આવું છે. આ જગત જ આખું ગોળ છે. ફક્ત સમજવાનું જ છે આ બધું.

એટલે હવે સિન્સિયારિટી-મોરાલિટી અડધું થશે તો ચાલશે. અડધું, ફિફ્ટી પરસેન્ટ. આખું થાય તો ભગવાન થઈ જાય ! એ આખું નહીં કરો તો ચાલશે પણ પચાસ ટકા કરો તો બહુ થઈ ગયું !

**- જય સચ્ચિદાનંદ**


**'દાદાવાણી' માસિકની માહિતી** - ફોર્મ નં. ૪ (રૂલ નં. ૮)

૧. **પ્રકાશનનું સ્થળ :** ૫, મમતાપાર્ક સોસાયટી, નવ ગુજરાત કોલેજ પાછળ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪

૨. **પ્રકાશનનો સમય :** માસિક

૩. **મુદ્રકનું નામ :** અંબા ઓફસેટ **રાષ્ટ્રીયતા :** ભારતીય

**સરનામું :** પાર્શ્વનાથ ચેમ્બર્સના બેઝમેન્ટમાં, આરબીઆઈ પાસે, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪

૪. **પ્રકાશકનું નામ :** મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા **રાષ્ટ્રીયતા :** ભારતીય

**સરનામું :** ૫, મમતાપાર્ક સોસાયટી, નવ ગુજરાત કોલેજ પાછળ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪

૫. **તંત્રીનું નામ :** ડિમ્પલ મહેતા **રાષ્ટ્રીયતા :** ભારતીય **સરનામું :** ઉપર મુજબ.

૬. **માલિકોના નામ :** મહાવિદેહ ફાઉન્ડેશન **રાષ્ટ્રીયતા :** ભારતીય **સરનામું :** ઉપર મુજબ.

હું ડિમ્પલ મહેતા, આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧-૩-૨૦૧૭, અડાલજ. મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા

(પ્રકાશકની સહી)

## દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૨૪ થી ૩૧ ડિસેમ્બર** - અડાલજ ત્રિમંદિર સંકુલમાં દાદાનગર ખાતે આપ્તવાણી -૧૩ (પૂર્વાર્ધ) પર આઠ દિવસીય સત્સંગ પારાયણ થઈ. જ્ઞાતા-દૃષ્ટા, જ્ઞાયક ; સહજતા ; એક પુદ્‌ગલને જોવું અને જોનાર-જાણનાર ને તેનો જાણનાર આ પ્રકરણોનું વાંચન અને તેની પર સત્સંગ થયો હતો. પારાયણ દરમ્યાન આપ્તવાણી -૧૧ (પૂ.), આપ્તવાણી -૧૩ (ઉ.)ની ઓડિયો બુક, સ્વરમણા - ૫ (હિન્દી), દાદાશ્રીની જ્ઞાનવાણી - ૩૦ MP3 તેમજ આસામી, કન્નડ અને પંજાબી ભાષામાં બેઝિક પુસ્તકોનું વિમોચન થયું હતું. પારાયણ દરમ્યાન ૨૦૧૮માં ઉજવાવનાર ૧૧૧મી જન્મજયંતીની તૈયારી માટે વિશેષ પ્રદર્શન યોજાયું હતું, જેનું પૂજ્યશ્રીના હસ્તે ઉદ્‌ઘાટન થયું હતું. ૭ હજારથી વધુ મહાત્માઓએ આ પારાયણનો લાભ લીધો હતો. નાતાલના દિવસે વિદેશોના મહાત્માઓએ પદગાન કર્યું હતું. ૩૧ ડિસેમ્બરની નવવર્ષની પૂર્વ સંધ્યાએ જાયજેન્ટિક હોલમાં ભક્તિ બાદ પૂજ્યશ્રીએ નવવર્ષની શુભકામનાઓ મહાત્માઓને પાઠવી હતી.

**૧ જાન્યુઆરી** - દર વર્ષની જેમ આ વર્ષે પણ ડિસેમ્બર પારાયણ પછી શ્રી સીમંધર સ્વામી પ્રભુની પ્રતિમાઓની પ્રાણપ્રતિષ્ઠા વિધિ યોજાઈ. લગભગ ૧૨૦૦ જેટલી જુદી જુદી સાઈઝની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા પૂજ્યશ્રી દ્વારા થઈ હતી. પ્રતિષ્ઠા વિધિ દરમ્યાન મહાત્માઓએ સામૂહિકમાં પ્રાર્થના-વિધિઓ-ભક્તિ કરી હતી. ત્યાર બાદ મહાત્માઓએ મૂર્તિઓના પ્રક્ષાલ-પૂજન-આરતી કર્યા હતા. અંતે પૂજ્યશ્રીની હાજરીમાં જેમની મૂર્તિની પ્રતિષ્ઠા થઈ હતી, તેઓ મૂર્તિને માથે મૂકીને ગરબામાં ઉલ્લાસપૂર્વક નાચ્યા હતા.

**૨ જાન્યુઆરી** - પરમ પૂજ્ય દાદાશ્રીની ૨૯મી પુણ્યતિથિ નિમિત્તે અડાલજ ત્રિમંદિર સંકુલમાં વિશેષ ઉજવણી થઈ. સવારે પ્રત્યક્ષ દાદાની વિડિયો નિહાળ્યા બાદ બે કલાક દરમ્યાન કિર્તન ભક્તિ અને પદ ભક્તિ મહાત્માઓએ ભાવોલ્લાસ સાથે કરી હતી. સાંજે દાદાનગર ખાતે પરમ પૂજ્ય દાદાશ્રીના જીવન પ્રસંગો અને આત્મજ્ઞાન સંબંધી વાતને સ્થાનિક મહાત્માઓ દ્વારા નાટક રૂપે સુંદર રજૂઆત કરવામાં આવી હતી.

**૬ થી ૯ જાન્યુઆરી** - ઘણાં વર્ષો બાદ મુંબઈના કાંદીવલી વિસ્તારમાં પૂજ્યશ્રીનો સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ યોજાયો. પૂજ્યશ્રીનો આ વખતે 'લક્ષ્મી હોય ત્યારે' અને 'ચિત્ત શુદ્ધિથી મોક્ષ' ટોપિક પર સત્સંગ યોજાયા. ગુજરાતી લોકોની વધુ વસ્તી ધરાવતા આ એરિયામાં કાર્યક્રમ યોજાવાથી ઘણા નવા મુમુક્ષુઓ આવ્યા હતા. જ્ઞાનવિધિ દરમ્યાન ૧૭૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. ૫૦૦થી વધુ સ્થાનિક તેમજ સેવાર્થી મહાત્માઓને પૂજ્યશ્રી સાથે મોર્નિંગ વોક તેમજ સેવાર્થી સત્સંગ-દર્શનનો વિશેષ લાભ મળ્યો હતો. સાડા પાંચ હજાર જેટલા મહાત્માઓની હાજરી જ્ઞાનવિધિમાં નોંધાઈ હતી. વિશેષમાં વખતે GNCના બાળકોએ દેવી-દેવતા, સાધુ-સાધ્વી, જ્ઞાની ભગવંતોની વેશભૂષામાં પૂજ્યશ્રીનું સ્વાગત કર્યું હતું. આપ્તપુત્રો-પુત્રી દ્વારા MMHT, WMHT અને ફોલોઅપ સત્સંગ યોજાયા હતા. જેમાં પણ મહાત્માઓની વિશેષ હાજરી નોંધાઈ હતી. ૭૦૦ જેટલા નવા જ્ઞાન લીધેલાએ છેલ્લા દિવસે સત્સંગમાં આવી જ્ઞાનની વધુ સમજ પ્રાપ્ત કરી હતી.

**૯ થી ૧૧ જાન્યુઆરી** - પૂજ્ય નીરુમાની જન્મભૂમિ એવા ઔરંગાબાદ શહેરમાં સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ યોજાયો હતો. પ્રથમ અને ત્રીજા દિવસે, જ્ઞાનવિધિ પહેલા અને પછી આપ્તપુત્ર સત્સંગ યોજાયા. જે શહેરમાં પરમ પૂજ્ય દાદા ભગવાન, પૂજ્ય નીરુમા તેમજ પૂજ્યશ્રી અગાઉ પધારી ચૂક્યા છે અને પૂજ્ય નીરુમાના ફેમિલી તરફથી ઘણાં પ્રયત્નો છતાં લોકો જ્ઞાન પામતા નહોતા. ત્યાં હવે આટલા બધા લોકો જ્ઞાન પામી રહ્યા છે, તે હવે ખૂબ આનંદ થાય એવી વાત બની છે. ઔરંગાબાદ તેમજ આસપાસના ગામો-શહેરોમાંથી ૬૦૦ મુમુક્ષુઓએ ૧૦ જાન્યુઆરીએ પધારી આત્મજ્ઞાન મેળવ્યું હતું. ૮૦ જેટલા સેવાર્થી મહાત્માઓને પૂજ્યશ્રીના સેવાર્થી સત્સંગ અને વ્યક્તિગત દર્શનનો લ્હાવો માણવા મળ્યો હતો.

**૧૨ થી ૧૪ જાન્યુઆરી** - મહારાષ્ટ્રના જલગાંવ શહેરમાં પ્રથમ વખત પૂજ્યશ્રીનો સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ યોજાયો. પૂજ્યશ્રીના આગમન સમયે યજમાન તેમજ સ્થાનિક મહાત્માઓએ પુષ્પો-દીવડા અને આરતી દ્વારા પરંપરાગત સ્વાગત કર્યું હતું. 'મનુષ્ય જીવનનો ધ્યેય' ટોપિક પર સત્સંગ કરી મુમુક્ષુઓના અન્ય પ્રશ્નોના પૂજ્યશ્રીએ સમાધાનકારી ફોડ આપ્યા હતા. જ્ઞાનવિધિમાં ૫૭૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. સેવાર્થી સત્સંગમાં જલગાંવ તેમજ

અમરાવતીના થઈને ૧૫૦ સેવાર્થીઓએ પૂજ્યશ્રીના સત્સંગ-દર્શનનો લાભ લીધો હતો. આપ્તપુત્ર દ્વારા ફોલોઅપ સત્સંગમાં પણ ૨૫૦થી વધુ મહાત્માઓએ પાંચ આજ્ઞા સંબંધી વધારે સમજ મેળવી હતી.

**૧૯ થી ૨૩ જાન્યુઆરી** - WMHTની પાંચ દિવસીય શિબિર અડાલજ ત્રિમંદિર સંકુલમાં યોજાઈ, જેમાં ૪૬૦૦ પરિણીત બહેનોએ ભાગ લીધો. આ શિબિરમાં પૂજ્યશ્રી દ્વારા સ્પે. ટોપિક 'કેમેરો ફાઈલ નં.૧ પર' અને 'અસંતોષની ભૂખ' પર સત્સંગ કરવામાં આવ્યો હતો. જેનાથી શિબિરાર્થી બહેનોને પોતાના દોષ જોવાની જાગૃતિ ખૂબ વધી ગઈ હોય, એવા અનુભવો જાણવા મળ્યા હતા. શિબિર દરમ્યાન પૂજ્યશ્રી દ્વારા બ્રહ્મચર્ય (ઉ.) પુસ્તક પર પારાયણ થયું હતું. પૂજ્યશ્રીના સત્સંગ સિવાય 'અસંતોષની ભૂખ' ટોપિક પર એક સેશનમાં એક્ટિવિટી કરાવવામાં આવી હતી તથા આપ્તપુત્રીઓ દ્વારા વિવિધ ગ્રુપમાં સત્સંગ, ગરબા, VCD અને સ્પે. WMHT વિડિયો ક્લિપ વગેરે આયોજિત કરવામાં આવ્યા હતા.

**૨૫ થી ૨૯ જાન્યુઆરી** - અડાલજ ત્રિમંદિર સંકુલમાં પાંચ દિવસીય વાર્ષિક MMHT શિબિર યોજાઈ, જેમાં ૨૩૫૦ પરિણીત મહાત્માઓ ભાઈઓએ ભાગ લીધો. 'કલ્પનાનું માન' વિષય પર વિશેષ સત્સંગ પૂજ્યશ્રી દ્વારા થયો. તે સિવાય બ્રહ્મચર્ય (ઉ.) પુસ્તકનું પારાયણ પણ થયું. 'કલ્પનાનું માન' ટોપિક પર નાટક, ગરબા, જ્ઞાનવાણી, MMHT યાત્રાની હાઈલાઈટ્સ વિગેરે કાર્યક્રમ રાત્રિ સેશન દરમ્યાન સામાયિક બાદ થયા. આપ્તપુત્રો દ્વારા સત્સંગ તેમજ વિવિધ ગ્રુપ સત્સંગો પણ થયા. આ વખતે જ્ઞાન લીધેલ વર્ષ પ્રમાણે ગ્રુપ પાડવામાં આવ્યા હતા. 'કલ્પનાનું માન' પર કરાવેલ એક્ટિવીટીમાં પણ મહાત્માઓને ઘણું શીખવા મળ્યું હતું. મહાત્માઓને આ શિબિરથી ખૂબ લાભ થયો એવા સૌના અનુભવ હતા.

**૪ થી ૬ ફેબ્રુઆરી** - ૫ વર્ષ પછી મહેસાણામાં પૂજ્યશ્રીનો કાર્યક્રમ ગોઠવાયો. પૂજ્યશ્રીનું શાનદાર સ્વાગત બાઈક સવારો દ્વારા એસ્કોર્ટ કરી કરવામાં આવ્યું હતું. 'ભ્રાંત પુરુષાર્થ - યથાર્થ પુરુષાર્થ' વિષય પર સત્સંગ દ્વારા વિવિધ સવાલોના જવાબ પૂજ્યશ્રીએ આપ્યા હતા. સ્થાનિક મહાત્માઓ માટે સેવાર્થી સત્સંગ, દાદા દરબાર અને દર્શનનો કાર્યક્રમ યોજાયો હતો, જેનો ૧૫૦ જેટલા સેવાર્થીઓએ લાભ લીધો હતો. જ્ઞાનવિધિમાં ૧૧૫૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. ફોલોઅપ સત્સંગમાં પણ ઘણા બધા જ્ઞાન લીધેલા મહાત્માઓ જ્ઞાનની વધુ સમજ માટે આવ્યા હતા.

**૧૦ થી ૧૩ ફેબ્રુઆરી** - અમદાવાદના રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ યોજાયો. 'કષાય ઘટાડે તે ધર્મ' અને 'એડજસ્ટમેન્ટથી થાય સંસાર રૂપાળો' વિષયો પર સુંદર સમજણ આપ્યા પછી પૂજ્યશ્રીએ મુમુક્ષુ-મહાત્માઓના વિવિધ પ્રકારના પ્રશ્નોના સમાધાન આપ્યા હતા. એક મુસ્લિમ ભાઈએ જાહેરમાં પોતાના પરિવારની ભૂતકાળમાં થયેલા દોષો માટે માફી માગી હતી, જે ખૂબ હ્રદયસ્પર્શી હતી. પૂજ્યશ્રી 'દાદા-દર્શન'માં રોકાણ માટે પધાર્યા ત્યારે મહાત્માઓએ તેમજ આપ્તસિંચનના સાધકોએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. પૂજ્યશ્રી સાથે માર્નિંગ વોક તેમજ ઈન્ફોર્મલ સમયનો પણ સાધકોને અને મહાત્માઓને લાભ મળ્યો હતો. જ્ઞાનવિધિમાં ૧૨૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. GNCના બાળકો અને સિનિયર સીટીઝન મહાત્માઓએ સત્સંગ સ્થળ પર પૂજ્યશ્રીનું સ્વાગત કર્યું હતું. સેવાર્થી સત્સંગમાં ૫૫૦ જેટલાં સેવાર્થીઓએ પૂજ્યશ્રીના સત્સંગ-દર્શનનો આનંદ માણ્યો હતો. આપ્તપુત્ર દ્વારા ફોલોઅપ સત્સંગમાં પણ ૬૦૦ જેટલા મહાત્માઓ આવ્યા હતા, જેમાં મોટા ભાગે નવા જ્ઞાન લીધેલા હતા.

**૧૮ થી ૨૦ ફેબ્રુઆરી** - સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરમાં પ્રથમ વખત પૂજ્યશ્રીનો સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ યોજાયો. લોકો વધુ જ્ઞાન પામે તે હેતુથી સ્થાનિક મહાત્માઓ તથા સેવાર્થીઓએ સત્સંગના પ્રચાર-પ્રસાર માટે ખૂબ દિલથી સેવા આપી. સમગ્ર સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લામાં દાદા ભગવાનના આત્મવિજ્ઞાનની જાણકારી માટે આશરે ૩૫ જેટલા આપ્તપુત્ર સત્સંગોનું આયોજન થયું. ૩૦ જેટલા પ્રોજેક્ટર શો વિવિધ ગામોમાં બતાવાયા તથા લગભગ ૫૦ હજાર જેટલા પેમ્પલેટ ઘરેઘરે જઈને મહાત્માઓ દ્વારા વહેંચાયા. ૩ હજાર જેટલી પ્રચાર બુકો મુમુક્ષુઓને વહેંચાઈ. જેના પરિણામે સત્સંગમાં આખું મેદાન આજુબાજુના ગામોમાંથી આવેલા નવા લોકોથી ખચાખચ ભરાઈ ગયુ હતું. જ્ઞાનવિધિના દિવસે ૧૮૫૫ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું. પૂજ્યશ્રી પૂજ્ય જેસંગ બાપાના શિષ્ય પૂજ્ય નરસીબાપાને મળ્યા હતા. બાપાએ પૂજ્યશ્રીનું પરંપરાગત પાઘડી પહેરાવી અભિવાદન કર્યું હતું અને એકબીજાને પ્રેમથી ભેટ્યા હતા.

## પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન' - ગુજરાત (ગિરનાર)** પર દરરોજ સવારે ૯ થી ૯-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
- **'અરિહંત' ચેનલ** પર દરરોજ સાંજે ૫ થી ૫-૩૦
- **'दूरदर्शन'-बिहार** पर हर रोज़ सुबह 7-30 से 8 तथा शाम 6-30 से 7 (हिन्दी में)
- **'डीडी'-इन्डिया** पर हर रोज़ शाम 6 से 6-30 (हिन्दी में)

**USA**
- **'TV Asia'** - પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST
- **'कलर्स' टीवी** पर सोम से शनि सुबह 8 से 8-30 (हिन्दी में)

**UK**
- **'वीनस' टीवी** पर हर रोज़ सुबह 8 से 8-30 (हिन्दी में)
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में)

## પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર)** પર દરરોજ બપોરે ૩-૩૦ થી ૪ તથા રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
- **'અરિહંત' ચેનલ પર** દરરોજ રાત્રે ૮ થી ૯
- **'दूरदर्शन'-सह्याद्रि** पर हर रोज़ सुबह 7 से 7-30 (मराठी में)
- **'दूरदर्शन'-नेशनल** पर सोम से शुक्र, सुबह 8-30 से 9 ; शनि, सुबह 9 से 9-30 ; रवि, सुबह 6-30 से 7 (हिन्दी में)
- **'दूरदर्शन'-मध्यप्रदेश** पर सोम से शनि, दोपहर 3-30 से 4 ; रवि, शाम 6 से 6-30 (हिन्दी में)
- **'दूरदर्शन'-उत्तरप्रदेश** पर हर रोज़ रात 9-30 से 10 (हिन्दी में)

**UK**
- **'વીનસ' ટીવી** પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ (ગુજરાતીમાં)
- **'रिश्ते' चेनल** पर हर रोज़ सुबह 7-30 से 8 (हिन्दी में) - **नया कार्यक्रम**

**USA** ● **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7 से 7-30 EST (हिन्दी में)

**Singapore** ● **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 4-30 से 5 तथा सुबह 7 से 7-30 (हिन्दी में)

**Australia** ● **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7-30 से 8 तथा सुबह 10 से 10-30 (हिन्दी में)

**New Zealand** ● **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 9-30 से 10 तथा रात 12 से 12-30 (हिन्दी में)

**USA-UK-Africa-Aus.** ● **'આસ્થા'** પર દરરોજ રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)

---

## પૂજ્ય દીપકભાઈનો યુ.એસ.એ.-કેનેડા સત્સંગ કાર્યક્રમ - વર્ષ ૨૦૧૭

**પૂજ્ય દીપકભાઈ તા. ૧૧ જૂન (સોમવાર)ના રોજ વિદેશ સત્સંગ પ્રવાસ માટે નીકળશે.**

| | | | |
|---|---|---|---|
| **27-29** | **Jun** | Satsang-Gnanvidhi | **Richmond, VA** |
| **4-10** | **Jul** | Guruprunima Shibir | **Philadelphia, PA** |
| | | **(9 Jul - Gurupurnima Day)** | |
| **15-17** | **Jul** | Satsang-Gnanvidhi | **Lowell, MA** |
| **18-20** | **Jul** | Satsang-Gnanvidhi | **Chicago, IL** |
| **21-23** | **Jul** | Satsang-Gnanvidhi | **Toronto, Canada** |
| **28-30** | **Jul** | Satsang-Gnanvidhi | **Raleigh, NC** |
| **1-3** | **Aug** | Satsang-Gnanvidhi | **Atlanta, GA** |
| **4-6** | **Aug** | Satsang-Gnanvidhi | **Los Angeles, CA** |

**યુ.એસ.એ.-કેનેડા સત્સંગ કાર્યક્રમો માટે સંપર્ક : +1 877-505-DADA(3232)**

**નોંધ :** ઉપરોક્ત કાર્યક્રમમાં ફક્ત મહાત્માઓ માટેના સત્સંગ તથા આપ્તપુત્ર સત્સંગની તારીખો પણ સામેલ કરેલ છે. આ સત્સંગ પ્રવાસનો વિગતવાર કાર્યક્રમ મે તથા જૂન ૨૦૧૭ મહિનાની દાદાવાણીમાં પ્રકાશિત થશે. વધુ જાણકારી માટે https://usevents.dadabhagwan.org/Events/Default.aspx વેબપેજની મુલાકાત લો.

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ:** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ:** ૯૯૨૪૩૪૫૫૮૮; **અંજાર:** ૯૯૨૪૩૪૬૬૨૨ **ગોધરા:** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી:** ૯૯૨૪૩૪૧૧૮૮; **સુરેન્દ્રનગર:** ૯૭૩૭૦૪૮૩૨૨, **અમરેલી:** ૯૯૨૪૩૪૪૪૬૦

**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ:**(૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **મુંબઈ:** ૯૩૨૩૫૨૮૯૦૧; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫

**U.S.A.-Canada:** +1 877-505-DADA(3232); **U.K.:** +44 330-111-DADA(3232); **Australia :** +61 421127947

## Pujya Deepakbhai's UK - Germany Satsang Schedule (2017)

Contact no. for all centers in UK + 44-330-111-DADA (3232), email:info@uk.dadabhagwan.org

| Date | From | to | Event | Venue |
|---|---|---|---|---|
| 31-Mar-17 | 7-30PM | 10PM | Satsang | Shree Prajapati Association, Ulverscroft Road, **Leicester**, LE4 6BY |
| 1-Apr-17 | 7-30PM | 10PM | Satsang | |
| 2-Apr-17 | 10-30AM | 12-30PM | Aptaputra Satsang | |
| 2-Apr-17 | 3PM | 7-30PM | Gnanvidhi | |
| 21-Apr-17 | 7-30PM | 10PM | Satsang | Harrow Leisure Centre, Byron Hall, Christchurch Avenue, **Harrow**, HA3 5BD |
| 22-Apr-17 | 10-30AM | 12-30PM | Aptaputra Satsang in English | |
| 22-Apr-17 | 7-30PM | 10PM | Satsang | |
| 23-Apr-17 | 10-30AM | 12-30PM | Aptaputra Satsang | |
| 23-Apr-17 | 3PM | 7-30PM | Gnanvidhi | |
| 24-Apr-17 | 7-30PM | 10PM | Satsang | |
| 26-Apr-17 | 5PM | 7-30PM | Parayan (Science Of Karma) | Sauerland Stern Hotel **Willingen, Germany** Email - info@dadabhagwan.de |
| 27-Apr-17 | 10AM | 12-30PM | Parayan (Science Of Karma) | |
| 27-Apr-17 | 5PM | 7-30PM | Parayan (Science Of Karma) | |
| 28-Apr-17 | 10AM | 12-30PM | Satsang | |
| 28-Apr-17 | 4-30PM | 7PM | Gnanvidhi | |
| 29-Apr-17 | 10AM | 12-30PM | Satsang | |
| 29-Apr-17 | 4-30PM | 7PM | Satsang | |
| 30-Apr-17 | 10AM | 12-30PM | Darshan | |

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં અડાલજ ત્રિમંદિરમાં આગામી સત્સંગ કાર્યક્રમો

**૧૭ માર્ચ** (શુક્ર) - સાંજે ૪ થી ૭ - **સત્સંગ** તથા **૧૮ માર્ચ** (શનિ) - સવારે ૧૦ થી ૧૨ - **આપ્તપુત્ર સત્સંગ**

**૧૮ માર્ચ** (શનિ) - સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

**૧૯ માર્ચ** (રવિ) - સવારે ૬-૩૦ થી ૮ - **પ્રભાત ફેરી, વિધિ અને સંદેશો**

સવારે ૧૦ થી ૧૨ - **પૂ. નીરુમાની ૧૧મી પુણ્યતિથિ પર વિશેષ સીડી** તથા **કીર્તન ભક્તિ**

સાંજે ૪-૩૦ થી ૧૦ - **આપ્તસિંચનના નવા સાધકોની સમર્પણ વિધિ** તથા **વિશેષ ભક્તિ**

## અડાલજ ત્રિમંદિરમાં PMHT (પેરન્ટ્સ મહાત્મા) શિબિર

**૫-૯ મે** (ગુરુથી સોમ) - **સત્સંગના સમયની જાહેરાત બાકી**

**૯ મે** (સોમ) - રાત્રે ૯ થી ૧૦-૩૦ - **પૂજ્યશ્રીના જન્મદિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમ**

**નોંધ :** ૧) આ શિબિર જ્ઞાન લીધેલ પરિણીત મહાત્માઓ માટે રહેશે. ૨) શિબિરમાં 'પતિ-પત્નીનો દિવ્ય વ્યવહાર', 'મા-બાપ છોકરાંનો વ્યવહાર' અને 'પૈસાના વ્યવહાર' વિષયો પર પૂજ્યશ્રી દ્વારા સત્સંગ થશે તથા આપ્તપુત્રો-આપ્તપુત્રીઓ દ્વારા ગ્રુપ સત્સંગ થશે. ૩) શિબિરમાં ભાગ લેવા માટે પોતાના સેન્ટર પર અને જ્યાં સેન્ટર ના હોય એમણે અડાલજ ત્રિમંદિર ખાતે ૦૭૯-૩૯૮૩૦૪૦૦ નં. (સવારે ૯ થી ૧૨, બપોરે ૩ થી ૬) પર રજિસ્ટ્રેશન કરાવવું જરૂરીછે.

---

## ભરૂચ

**૧૬ મે** (મંગળ) - સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ - **સત્સંગ** તથા **૧૭ મે** (બુધ) - સાંજે ૭ થી ૧૦-૩૦ - **જ્ઞાનવિધિ**

**૧૮ મે** (ગુરુ) - રાત્રે ૭-૩૦ થી ૧૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** સાંઈ મંદિર ગ્રાઉન્ડ, ઝાડેશ્વર લેક પાસે, ઝાડેશ્વર રોડ, ભરૂચ (ગુજરાત). **સંપર્ક :** ૯૯૨૪૩૪૮૮૮૨

## સુરત

**૧૯-૨૦ મે** (શુક્ર-શનિ) - રાત્રે ૮ થી ૧૧ - **સત્સંગ** તથા **૨૧ મે** (રવિ) - સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

**૨૨ મે** (સોમ) - રાત્રે ૮ થી ૧૦-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** SMC પાર્ટી પ્લોટ, જ્યોતિન્દ્ર દવે ગાર્ડનની બાજુમાં, પ્રાઈમ આર્કેડની આગળ, ન્યુ રાંદેર રોડ. **સંપર્ક :** ૯૫૭૪૦૦૮૦૦૭

## સમર કેમ્પ - બાળકો-યુવાનો માટે સંસ્કારસિંચન શિબિર - વર્ષ ૨૦૧૭

| સ્થળ | ૧૩ થી ૧૬ વર્ષ યુવાન ભાઈઓ તથા બહેનો | | | | ગ્રુપ C - છોકરાં-છોકરીઓ માટે | |
|---|---|---|---|---|---|---|
| | ગ્રુપ A ભાઈઓ | સંપર્ક | ગ્રુપ B બહેનો | સંપર્ક | ૮ થી ૧૨ વર્ષ | સંપર્ક |
| સીમંધર સીટી | ૨૯-૩૦એપ્રિલ | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ | ૨૭-૨૮ એપ્રિલ | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ | ૨૩-૨૪એપ્રિલ(૮થી૧૦વર્ષ) | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ |
| સીમંધર સીટી | | | | | ૨૫-૨૬એપ્રિલ(૧૧થી૧૨વર્ષ) | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ |
| સુરત | ૨૯-૩૦ એપ્રિલ | ૯૮૯૮૬૮૯૬૯૭ | ૨૨-૨૩ એપ્રિલ | ૯૬૦૧૨૯૧૦૨૪ | ૨૫-૨૬ એપ્રિલ | ૯૭૨૫૮૩૨૭૦૪ |
| બરોડા | ૨૯-૩૦ એપ્રિલ | ૯૯૨૪૩૪૩૩૩૫ | ૨૫-૨૬ એપ્રિલ | ૯૬૨૪૮૫૨૬૦૨ | ૨૩-૨૪ એપ્રિલ | ૮૯૮૦૯૯૫૨૫૫ |
| સુરેન્દ્રનગર | ૩૦ એપ્રિલ | ૯૮૨૪૩૭૪૭૫૫ | ૨૫-૨૬ એપ્રિલ | ૯૭૨૬૧૦૮૪૩૪ | ૨૩-૨૪ એપ્રિલ | ૯૪૨૬૫૭૯૦૬૪ |
| વલસાડ | ૩૦ એપ્રિલ | ૯૯૨૪૩૪૩૨૪૫ | | | ૨૩ એપ્રિલ | ૯૯૭૪૦૯૦૩૨૧ |
| ભરૂચ | ૩૦ એપ્રિલ | ૯૯૭૪૨૯૯૧૯૩ | ૨૫-૨૬ એપ્રિલ | ૯૪૨૭૧૦૫૪૪૩ | ૨૪ એપ્રિલ | ૯૬૬૨૫૨૦૯૯૮ |
| ભુજ | ૩૦ એપ્રિલ | ૯૯૨૪૩૪૫૫૮૮ | | | ૩-૪ મે | ૯૯૨૪૩૪૫૫૮૮ |
| ગાંધીધામ | ૩૦ એપ્રિલ | ૯૮૨૫૧૬૪૫૧૫ | ૨૯-૩૦એપ્રિલ | ૯૮૭૯૬૧૭૧૫૨ | ૧ મે | ૯૯૭૮૪૯૩૫૬૮ |
| રાજકોટ | ૨૦-૨૧-૨૨ મે | ૯૮૨૫૩૧૭૬૦૭ | ૧-૨ મે | ૭૬૨૩૮૪૪૩૧૬ | ૨૯-૩૦ એપ્રિલ | ૯૭૨૩૫૯૧૬૦૬ |
| મોરબી | | ૯૭૨૭૩૩૧૩૧૧ | | | ૨ મે | ૯૭૨૬૩૮૮૭૯૨ |
| જામનગર | ૩૦ એપ્રિલ | ૯૪૨૮૩૧૫૧૦૯ | | | ૨૯-૩૦ એપ્રિલ | ૯૭૨૩૧૪૭૩૧૮ |
| ભાવનગર | ૩૦ એપ્રિલ | ૯૯૨૪૩૪૪૪૨૫ | | | ૨૯-૩૦ એપ્રિલ | ૯૯૨૪૩૪૪૪૨૫ |
| મહેસાણા | ૩૦ એપ્રિલ | ૯૮૭૯૧૧૨૮૯૪ | | | ૩૦ એપ્રિલ | ૯૮૨૪૯૨૯૭૮૨ |
| અંકલેશ્વર | | | | | ૧૨ માર્ચ | ૯૦૩૩૫૨૬૦૫૦ |
| મુંબઈ | ૨૬-૨૭-૨૮મે | ૯૮૬૦૭૦૮૨૦૩ | ૧૪-૧૫-૧૬ મે | ૯૮૨૦૨૭૩૧૬૩ | ૧૨-૧૫ એપ્રિલ (ડોમ્બીવલી, દાદર, બોરીવલી) | ૮૬૫૨૮૯૦૦૬૬ |
| વેરાવળ | ૩૦ એપ્રિલ | ૯૦૩૩૦૬૮૯૬૪ | | | | |
| ગોધરા | ૩૦ એપ્રિલ | ૯૯૭૯૧૦૯૫૨૯ | | | | |
| જુનાગઢ | ૩૦ એપ્રિલ | ૭૬૦૦૦૧૫૪૮૫ | | | | |
| પાલનપુર | ૩૦ એપ્રિલ | ૯૬૮૭૯૦૬૦૭૮ | | | | |
| | ગ્રુપ D - ૪ થી ૭ વર્ષના બાળકો | | ગ્રુપ E - યુવાન બહેનો ૧૭ થી ૨૧વર્ષ | | ગ્રુપ F - યુવાન ભાઈઓ ૧૭ થી ૨૧ વર્ષ | |
| **સીમંધર સીટી** | **૨૯એપ્રિલ** | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ | ૨,૩,૪ મે | | ૧૨,૧૩,૧૪ મે | |
| **સુરત** | **૯ એપ્રિલ** | ૯૯૦૯૪૦૭૮૨૯ | | | | |
| **રાજકોટ** | **૩ મે** | ૯૪૨૭૪૧૦૫૦૩ | | | | |

**નોંધ :** (૧) સમર કેમ્પમાં ભાગ લેવા માટે આપના નજીકના સેન્ટર પર રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજિસ્ટ્રેશન ચાર્જ નોન રિફંડેબલ રહેશે. ૨) રજિસ્ટ્રેશન માટે બાળક/યુવાનની ઉંમર અને ધોરણ પ્રમાણે જે વિભાગો પાડીને તારીખો નક્કી થઈ છે તે મુજબ થશે. જે તે સમર કેમ્પની તારીખના ૧૦ દિવસ અગાઉ રજિસ્ટ્રેશન બંધ કરવામાં આવશે. ત્યાર બાદ રજિસ્ટ્રેશન માટે તત્કાલ ચાર્જ લેવામાં આવશે. ૩) સીમંધર સીટી સમર કેમ્પ માટે રજિસ્ટ્રેશન ત્રિમંદિર સંકુલના 'સ્ટોર ઓફ હેપીનેસ'માં સવારે ૯-૩૦ થી ૧૨, સાંજે ૪ થી ૭ દરમ્યાન જે તે સમર કેમ્પના ૧૦ દિવસ અગાઉ સુધી રૂબરૂ થઈ શકશે, આ રજિસ્ટ્રેશન ૨૦ માર્ચથી કરવામાં આવશે. સંપર્ક સૂત્ર - ૦૭૯-૩૯૮૩૦૯૩૯
૪) ઉપર જણાવેલ સેન્ટરમાંથી કોઈ એક સેન્ટર પર જ ભાગ લઈ શકાશે. **બેંગલોર, પૂને સેન્ટરના કેમ્પની તારીખો પાછળથી નક્કી થયે જણાવવામાં આવશે.**

માર્ચ ૨૦૧૭
વર્ષ-૨૨, અંક-૭
સળંગ અંક-૨૫૯

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/23/2015
Valid up to 31-12-2017
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## સિન્સિયારિટી છેવટે પમાડે પરમાત્મા પદ

સવારના પહોરમાં નક્કી કરી નાખવું કે આ જગતની કોઈ પણ ચીજ મને ખપતી નથી, પછી એને સિન્સિયર રહેવું. મહીં તો બહુ લબાડો છે કે જે આપણને સિન્સિયર ના રહેવા દે. પણ જો નિશ્ચયને સિન્સિયર રહે તો પછી એને કોઈ ચીજ નડતી નથી. જેટલો તું સિન્સિયર એટલી તારી જાગૃતિ. જેટલી આમાં સિન્સિયારિટી એટલું જ પોતાનું થાય અને આ સિન્સિયારિટી તો ઠેઠ મોક્ષ ભણી લઈ જાય. સિન્સિયારિટીનું ફળ મોરાલિટીમાં આવી જાય. જો એ સિન્સિયારિટીના પથ પર ચાલ્યો, તો એ મોરલ થઈ જાય. સંપૂર્ણ મોરલ થઈ ગયો, એટલે પરમાત્મા પ્રાપ્ત થવાની તૈયારી થઈ ગઈ. એક વખત તું સિન્સિયર થા. જેટલી વસ્તુને તું સિન્સિયર, એટલી એ વસ્તુ જીત્યા. એટલે બધે સિન્સિયર થાઓ તો તમે જગત જીતી જશો ! આ જગત જીતવાનું છે. જગત જીત્યા સિવાય કોઈ મોક્ષે જવા દેશે નહીં.

- દાદાશ્રી

માલિક-મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - શ્રી ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બેઝમેન્ટ, પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.